**સુવિચાર**

જગતનાં કોઈપણ કાર્યક્ષેત્રમાં પાયાનાં પથ્થરો સિવાય ચાલતું નથી. બાળપણનું જ્ઞાન અને ચણતરનો પાયો મજબૂત હોવો જોઈએ.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૧૧/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ આસો વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૭૧










## શ્રમિક પરિવાર વાડી વિસ્તારમાં ખેતીકાર્યમાં વ્યસ્ત હોય તે સમયની ઘટના

# સાવરકુંડલાનાં આદસંગ ગામે સિંહે ૮ વર્ષની બાળકીને મોતને ઘાટ ઉતારી

**નિર્દોષ બાળકીને મોતને ઘાટ ઉતાર્યા બાદ સિંહ ત્યાંથી દૂર જવાને બદલે મૃત બાળકીની ફરતે ચક્કર લગાવતો હતો**

**ગામજનોએ હાંકલા-પડકારા કર્યા છતાં પણ સિંહ નાસી છુટવા તૈયાર ન હતો**

**બનાવની જાણ થતાં ધારાસભ્યએ વન અધિકારીઓને તાકીદે ઘટના સ્થળે પહોંચવા તાકીદ કરી**

**સિંહે અચાનક હુમલો કર્યાની ઘટના બનતા સમગ્ર પંથકનાં ખેડૂતોમાં ફફડાટ ફેલાયો**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં છાશવારે વન્ય પ્રાણીઓ ધ્વારા માનવ વસ્તીમાં આવી અને માનવ જીંદગી અને તેમાં પણ ખાસ બાળકો તથા દુધળા પશુઓ ઉપર હુમલાઓ કરી મોતને ઘાટ ઉતારી દેવાની ઘટના બનતી હોય છે. ત્યારે આજે વધુ એક બનાવ સાવરકુંડલા નજીક આવેલ આદસંગ ગામની સીમમાં એક શ્રમિક પરિવારની ૮ વર્ષની બાળા ઉપર સિંહે હુમલો કરી ફાડી ખાધાની ઘટના બનતા સ્થાનિક ધારાસભ્ય સહિતનાં લોકો તથા વન વિભાગ ઘટના સ્થળે પહોંચી



જઈ માનવભક્ષી સિંહને પીંજરે પુરવા માટે થઈને કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગત અનુસાર મુળ મહુવા તાલુકાનાં બિલડી ગામનાં વતની અને હાલમાં સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે રહેતા સવજીભાઈ નાથાભાઈ રામની વાડીમાં કામ કરતાં શ્રમિક પરિવારની આઠ વર્ષની બાળા કુંજલબેન વિપુલભાઈ ગુજરીયા ખેતરમાં રમતી હતી ત્યારેઅચાનક બાળકી ઉપર સિંહે હુમલો કરી દઈ મોત નિપજાવ્યું હતું.

સિંહનાં હુમલા બાદ આજુબાજુમાં કામ કરતા શ્રમિકો એકઠા થઈ ગયા હતા અને હાંકલા-પડકારા કરવા છતાં સિંહ બાળાનાં મૃતદેહની આજુબાજુમાં આંટાફેરા મારતો હોય. આ બાળાનો પરિવાર તથા ખેડૂતો, શ્રમિકોમાં ભારે ભય

અનુસંધાન પાના ૬ ઉપર

## સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ

# કોવાયા ખાતે આવેલ અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની નજીક સિંહ પરિવારે દેખા દીધી

**ઔધોગિક એકમો નજીક સિંહોનાં આંટાફેરાએ રોજિંદી ઘટના**

અમરેલી, તા. ૩

રાજુલા નજીક આવેલ અલ્ટ્રાટેક કંપની નજીક આજે ૨ સિંહણ તથા ૨ સિંહબાળ સંગાથે એક સિંહ પરિવાર પહોંચી ગયો હતો. આ ૨-સિંહણ, ૨-સિંહબાળ સંગાથે અલ્ટ્રાટેક કંપનીની નજીક બહારથી પસાર થયો હતો. આ બનાવ અંગેનો ધોળા દિવસ દરમ્યાન સિંહ પરિવારની લટારનો એક અદ્દભુત વિડીયો સોશિયલ મીડિયામાં સામે આવ્યો હતો. બૃહદ ગણાતા રાજુલા જાફરાબાદના અલ્ટ્રાટેક, પીપાવાવ નજીક સિંહનના વસવાટનો વિસ્તાર આવેલો છે.



## વડિયાનાં હનુમાન ખીજડીયા ગામનાં ખેડૂતને હનીટ્રેપમાં ફસાવવાનો પ્રયાસ

# હાય રે કળિયુગ : અજાણી મહિલા પગપાળા માર્ગ ઉપર જતી હોય ખેડૂતને તેને મદદ કરવાનું ભારે પડી ગયું

**માર્ગ ઉપર જતી કોઈ વ્યકિતની મદદ કરવી કે નહી તે પ્રશ્ન ઉભો થયો**

વડિયા, તા. ૩

વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામે રહેતા ખેડૂત ખેતીકામનું કામકાજ કરી પોતાનું ગુજરાન ચલાવતા એક ખેડૂતને હનીટ્રેપમાં ફસાવવાનો નિષ્ફળ પ્રયાસ

અનુસંધાન પાના ૬ ઉપર
















## અનેક વેપારીઓ અને વિદ્યાર્થીઓની મુસાફરી સરળ બનાવવા માટે

# બાબરાથી અમદાવાદ અને આણંદ રૂટની બસ સવારનાં સમયે શરૂ કરો

**સમગ્ર પંથકનાં વિદ્યાર્થીઓ અને મુસાફરોને ચાવંડ ખાતે અવરજવર કરવી પડે છે**

**થોડા મહિનાઓ પહેલા બગસરા-સુરત વાયા આણંદ રૂટની બસ બાબરા ખાતેથી પસાર થતી હતી તે બંધ થઈ**

**સ્થાનિક ધારાસભ્ય સહિતનાં શાસકોએ આ બાબતે દરમિયાનગીરી કરવી જરૂરી**

**સ્થાનિક વેપારી અગ્રણીઓ અવાર-નવાર રજૂઆત કરતાં હોય સુવિધા મળતી નથી**

બાબરા, તા. ૩

બાબરામાંથી આણંદ અને અમદાવાદ જવા માટે વહેલી સવારે તેમજ રાત્રીના એસ.ટી. બસની સુવિધાઓ નહિ હોવાથી શહેરના વેપારીઓ તેમજ આણંદ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બાબરા તરફ આવવા માટે મુશ્કેલીઓ પડી રહી છે. ઉપરોકત રૂટની બસ વાયા લાઠી થઈ અમરેલી જતી હોવાથી બાબરાના મુસાફરોને વહેલી સવારે ચાવડ જવું પડે અને મોડી સાંજે અથવા રાતે ત્યાં ઉતરવું પડે અને જેમ તેમ કરી બાબરા આવવાની નોબત આવે છે. રાત્રી વખતના પરિવાર સાથે હોવાથી મહિલાઓને અને બાળકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે.

ત્યારે શહેરના વેપારી તેજસભાઈ કારીયા દ્વારા જણાવ્યું હતું કે, બાબરાથી આણંદ રૂટની એસ.ટી. બસ સુવિધા શરૂ કરવાની ખુબજ જરૂર છે. અગાઉ બગસરા-સુરત વાયા આણંદ વાળી બસ બાબરા ચાલુ હતી જે આઠ મહિના થયા વાયા લાઠી કરી નાખેલ છે જેના કારણે ખુબજ મુશ્કેલીઓનો સામનો વિદ્યાર્થી કરી રહ્યા છે.

બાબરામાંથી આણંદ અભ્યાસ કરતા આશરે ૫૦ થી ૬૦ જેટલા વિદ્યાર્થીઓને અતિ મુશ્કેલી પડે છે તો તાત્કાલિક ધોરણે જુના રૂટ મુજબ બસ ચાલુ કરવામાં આવે તે જરૂરી છે. આ બાબતે સ્થાનિક ધારાસભ્યને અનેકવાર રજુઆત કરવા છતાં પરિણામ મળ્યું નથી.

બીજી તરફ વેપારીઓમાં પણ વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ અમદાવાદ તરફ જવા માટે અમદાવાદ રૂટની એસ.ટી. બસ ફાળવણી કરવામાં આવે તેવી માંગણી વેપારી અલીભાઈ ફિદાભાઈ તરફથી કરવામાં આવી છે તેઓએ માંગણી જણાવ્યું હતું કે, અમદાવાદ તરફ જવા માટે એસ.ટી. બસ શરૂ છે પણ સાત વાગ્યાની આસપાસ છે જે અમદાવાદ પહોંચતા બપોર પડી જાય જે વેપારીઓને કોઈ જ કામની નથી. શહેરમાંથી મોટાભાગના વેપારીઓને અમદાવાદ ખરીદી હોય છે જો એસ.ટી. વિભાગ દ્વારા વહેલી સવારે ૫ વાગ્યાની આસપાસ અમદાવાદ તરફની બસ અને ત્યાંથી રાતે આઠ વાગ્યાની આસપાસ બાબરા તરફથી બસની ફાળવણી કરવામાં આવે તો વેપારીઓને ખુબજ રાહત મળી શકે તેમ છે. કારણ કે વેપારીઓ આખો દિવસ અમદાવાદમાં પોતાના વ્યવસાય માટે ખરીદી કરી શકે અને સમય મર્યાદામાં પરત બાબરા પણ આવી શકે. ત્યારે અમદાવાદ જવા અને બાબરા આવવા માટે એક સીધી એસ.ટી. બસની ફાળવણી કરવામાં આવે તો પૂરતો ટ્રાફિક પણ વિભાગને મળી રહે તેવું અંતમાં અલીભાઈ ફિદાભાઈ દ્વારા જણાવ્યું હતું.

હાલ તો આણંદ જવા માટે અને અમદાવાદ જવા માટે સમય મર્યાદામાં એસ.ટી. બસની સુવિધા ઉપલબ્ધ નહિ હોવાથી વિદ્યાર્થીઓ અને વેપારીઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આગળ દિવાળીનો સમય હોવાથી વેપારીઓને ખરીદી માટે અમદાવાદ જવા-આવવાનું હોય તેમજ વેકેશનમાં આણંદ તરફથી વિદ્યાર્થીઓને પણ વતનમાં આવવાનું થતું હોવાથી એસ.ટી. વિભાગ દ્વારા સત્વરે નવા રૂટમાં નવા સમય પ્રમાણે એસ.ટી. બસની ફાળવણી કરે તેવી માંગણી અને લાગણી વ્યકત કરવામાં આવી છે.

# અમરેલી : જીએસટીનાં ગુન્હામાં વધુ 3 આરોપીઓને ઝડપી પાડતી SIT



અમરેલી, તા. ૩

ભાવનગર જિલ્લામાં અશિક્ષિત અને ગરીબ માણસો પાસેથી આધારકાર્ડ તથા પાનકાર્ડ મેળવી તે ડોકયુમેન્ટોનો ઉપયોગ કરી આધારકાર્ડમાંથી નવું સીમકાર્ડ ખરીદી અને આધાર કેન્દ્રમાં જઈ માણસોનાં આધારકાર્ડમાં નવો મોબાઈલ નંબર અપડેટ કરાવી અને તેના આધારે જીએસટીની વેબસાઈટ ઉપરથી અશિક્ષિત અને ગરીબ માણસોના નામે નવો જીએસટી રજીસ્ટ્રેશન કરાવી એક બોગસ પેઢી અસ્તિત્વમાં લાવી ખોટી રીતે જીએસટી નંબર મેળવી તેની ઉપર બોગસ બીલીંગનું કામ કરી સરકારને ભરવાના થતાં ટેક્ષના નાણાની ઉચાપત આ બોગસ પેઢઓનો ઉપયોગ કરતા હોય.

જે બાબતે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં-૧ તથા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં-૧ ગુન્હો તથા પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં-૧ ગુન્હો તથા નિલમબાગ પોલીસ સ્ટેશનમાં-૩ ગુન્હા એમ કુલ-૬ ગુન્હા ઉપરોકત બાબતે ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૩૪, ૧૨૦(બી) વિગેરે મુજબ ગુન્હાઓ દાખલ કરવામાં આવેલ હોય જે બાબતેની સરકારે ગંભીરતા લઈ ગુજરાત રાજયનાં ડીજીપી ધ્વારા ઉપરોકત ગુન્હાની તટસ્થ તપાસ થવા સારૂ ભાવનગર રેન્જના પોલીસ મહાનિરીક્ષક ગૌતમ પરમારના અધ્યક્ષ સ્થાને એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવેલ છે.

ભાવનગર રેન્જના પોલીસ મહાનિરીક્ષક ગૌતમ પરમારના માર્ગદર્શન અને સુચના હેઠળ પોલીસ ઈન્સ્પેકટર આર.એન. વિરાણી તથા કે.જી. ચાવડાની સુચના મુજબ નિલમબાગ પોલીસ સ્ટેશનના ગુન્હા નંબર ૯૯/૨૦૨૩ ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૪૫, ૪૬૭ વિગેરે મુજબના ગુન્હાના કામે આરોપી અસ્વત ઉર્ફે અલ્ફાઝ તાલીભાઈ કાઝી રહે. કાઝીવાડ, સરકારી આંગણવાડીની બાજુમાં ભાવનગર, અલીરઝા ઉર્ફે હબી હબીબઅલી ગોવાણી રહે. દરબારી કોઠાર, પંજેતની પેલેસ, સેલારસા રોડ ભાવનગર તથા અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગુન્હા નંબર ૦૪/૨૦૨૩ ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭ વિગેરે મુજબના કામે આરોપી આસીફભાઈ રફીકભાઈ રંગરેજ સિપાઈ ધંધો કાપડને કલરકામ રહે. સેલારશા ચોક, લાખાણી માર્કેટ, કેપેબલ ટેઈલરની ઉપર ભાવનગરવાળાનો ભાવનગર જિલ્લા જેલ ખાતેથી કબ્જો મેળવી જે ત્રણેય આરોપીઓને તા. ૨/૧૧નાં રોજ ધરપકડ કરવામાં આવેલ છે. વધુ તપાસ તજવીજ હાથ ધરેલ છે.

## ૨૫ ઓકટોબરનાં રોજ રજૂઆત થઈ ને તુરત જ કાર્યવાહી કરવાની જરૂર હતી

# સાવરકુંડલામાં કરોડો રૂપિયાની છેતરપીંડી થયાની ઘટના એ વહીવટીતંત્રની નિષ્ફળતા દર્શાવે છે

**અધિકારીઓની નિષ્ક્રીયતા ઘણી વખત જનતાને મુશ્કેલી ઉભી કરી દે છે**

**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૩



કરોડોનો ધુંબો મારી છડે ચોક ખુલ્લમ ખુલ્લા લોકોને લલચાવી છેતરી ગયેલ મદ્રાસી ટોળકી જેટલા જ જવાબદાર જિલ્લાના તમામ અધિકારીઓ છે. સાવરકુંડલા કાઠી ક્ષત્રિય અગ્રણી, ફ્રી લાન્સ જર્નાલિસ્ટ, વ્હિસલ બ્લોઅર ઉપરાંત સમગ્ર અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી ખુમાણ જાહેરમાં અમરેલી જિલ્લાના તમામ જવાબદાર પદાધિકારીઓ તથા અધિકારીઓને પૂછે કે જયારે એક વીક અગાઉ તારીખ ૨૫ ઓકટોબરના રોજ જિલ્લા કલેકટર, પોલીસ વડા, મામલતદાર, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ડીવાયએસપી, પોલીસ ઈન્સ્પેકટર ટાઉન સાવરકુંડલા આ તમામને એક પત્ર દ્વારા સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું હતું કે, આ ગોલ્ડ સ્ટાર હોમ નીડસ ઓર્ડર સપ્લાયર્સના નામની કંપનીએ જે રીતે વેપાર શરૂ કર્યો છે તે અત્યંત શંકાસ્પદ છે. છેક ચેન્નઈથી સાવ છેવાડાના ગામ એવા સાવરકુંડલા જેવા નાના શહેરમાં એમાં પણ સાવ અંતરિયાળ છેવાડાના રેલવે પાટા ક્રોસિંગ પાસેના વિસ્તારમાં રૂપિયા ૨૫,૦૦૦ જેટલા મોંઘા ભાડે ગોડાઉન રાખી બાર દિવસ અગાઉ રોકડ રકમ પહેલા જમા લઈ બાર દિવસ બાદ ગ્રાહકને વસ્તુની ડીલેવરી આપવી અને એ પણ બજારભાવ કરતાં ૫૦% જેટલા ઓછા ભાવે આ તમામ બાબતો શંકાસ્પદ હોવાનું અને પ્રતાપભાઈ ખુમાણે આ કંપનીના માલિક ઈસ્માઈલ અને મેનેજર ગણેશને ફેઈસ બુક લાઈવ વીડિયોમાં આ બાબતો અંગે જાહેરમાં સ્પષ્ટતા કરવા જણાવતા આ બંને જણા કેમેરાથી દૂર ભાગતા હતા અને વારંવાર ઉશ્કેરાટમાં આવી જઈ સ્પષ્ટ ખુલાસા કરી શકતા ન હતા.

આ તમામ હકીકતો વિડીયો, ઓડિયો અને લેખિત જાણ જવાબદાર અધિકારીઓને કરવા છતાં તમામ અધિકારીઓ મુકપ્રેક્ષક બની બેસી રહ્યા અને સાવરકુંડલાની ગરીબ અને મજૂરી કરતી ભોળી પ્રજાને આ લૂંટારાઓ સરેઆમ લુંટતા રહ્યા અને છેલ્લા દસ દિવસમાં જેટલા ગ્રાહકોએ ડિપોઝિટની રોકડ જમા કરાવી તે ઓળવી જઈને રફુચક્કર થઈ ગયા.

જો તા. ૨૫/૧૦ના રોજ સત્તાવાળાઓએ તાત્કાલિક કાર્યવાહી કરી હોત તો સાવરકુંડલાની ગરીબ જનતાના કરોડો રૂપિયા બચાવી શકાયા હોત. તેમ છતાં પ્રતાપભાઈ ખુમાણની દૂરંદેશી કામગીરીથી ડરી જઈને જે ટોળકી હજી આખી દિવાળીની સિઝન અને ત્યારબાદ આવતી લગ્નની સીઝન સુધી આ ફ્રોડ ચાલુ રાખવાની હતી તેને બદલે અધવચ્ચેથી જ સંકેલો કરી ભાગી છૂટી હતી. ખુમાણની સતર્કતાના કારણે કુંડલાની પ્રજાના અને વેપારીઓની સિઝન વેપારના કરોડો રૂપિયા બચી ગયા છે. હવે જયારે ૩૧ તારીખે સવારે લોકો વસ્તુની ડિલિવરી લેવાં ગયા ત્યારે ખ્યાલ આવ્યો કે આ ટોળકી ગુમ થઈ ગઈ છે ત્યારે છેક પોલીસ દ્વારા દોડી જઈને ગોડાઉનને તાળા માર્યા. આપણામાં કહેવત છે ને કે, 'ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળા મારવા' બરાબર આવો જ ઘાટ સાવરકુંડલાની ઘટનામાં થયો. હવે જયારે આ ટોળકી રાતોરાત ભૂગર્ભમાં ઉતરી ગઈ છે ત્યારે ફરિયાદ કરવા અને પોલીસની મદદ લેવા ભોગ બનેલા લોકોને અપીલ કરાઈ રહી છે. ત્યારે આ કૌભાંડની ગંધ જેમને અગાઉ એક વીક પહેલા જ આવી ગયેલ તે જાગૃત અગ્રણી ખુમાણ જવાબદાર અધિકારીઓને જાહેરમાં એક સવાલ પૂછે છે કે,'જબ ચીડિયા ચૂક ગઈ ખેત તો ફિર પછતાને સે કયા ફાયદા ?!'

## ભાજપ અગ્રણી નીતિન રાઠોડની રજુઆત રંગ લાવી

# આનંદો : બાબરા પંથકમાં ખેડૂતોનાં હિતમાં સિંચાઈનું પાણી છોડાશે

**પાણી-પુરવઠા મંત્રીએ પાણી છોડવાની ખાત્રી આપી**

બાબરા, તા. ૩



બાબરા તાલુકામાં ઓછા વરસાદ અને પાછળથી વરસાદ ખેંચાતા તાલુકામાં પિયત માટે ખેડૂતોને ભારે મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે.શિયાળુ પાક અને ખરીફ કપાસ મગફળી તલ જીરૂં ચણા સહિતના પાક માટે પાણીની તાતી જરૂર છે પણ કુવા અને બોરના તળ ઉંડા જતા રહેતા પિયત માટે મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે મહામહેનતે અને મોંઘો પાક મૂરજવા લાગ્યો છે ત્યારે ખેડૂતો દ્વારા સૌની યોજના હેઠળ પાણી છોડવા આવે અને તાલુકાના નદી તળાવ ચેકડેમ ભરવામાં આવે તો ખેડૂતોને સિંચાઈનો લાભ મળી શકે.

જિલ્લા પંચાયતના સભ્ય અને તાલુકા ભાજપ અગ્રણી નીતિનભાઈ રાઠોડ દ્વારા પાણી પુરવઠા પ્રધાન કુંવરજીભાઈ બાવળિયાને રૂબરૂ અને ટેલીફોનિક સતત રજુઆત કરી વિસ્તારમાં પાણી છોડવા માટે અસરકારક રજુઆત કરવાંમાં આવતા પ્રધાને ટુંક સમયમાં ખેડૂતોને સૌની યોજનાનું પાણી મળશે તેવું જણાવ્યું હતું.

## દિવાળીનાં તહેવારોમાં નોટની તંગી

# દામનગરમાં ૫, ૧૦, ૨૦ અને ૫૦ ની નવી નોટનાં અભાવે વેપારી પરેશાન

**ચેમ્બર ઓફ કોમર્સની બેન્ક મેનેજરને રજુઆત**

અમરેલી, તા. ૩





દામનગર, ચેમ્બર ઓફ કોમર્સના આગેવનોએ ૫,૧૦,૨૦ એન ૫૦ ની નવી નોટ ગ્રાહકોને આપવા બંન્ને બેન્કોનાં મેનેજરોને આવેદન પત્ર પાઠવ્યું. ઘણા સમયથી રાષ્ટ્રીય કૃત બેન્કો દ્વારા ગ્રાહકોને રૂા.૫ થી લઈને રૂા.૫૦ ની નોટ આપવામાં આવતી ન હોય બજારોમાં લેવડ-દેવડમાં મુશ્કેલી પડી રહેતી હોય આજે તા.૨/૧૧/૨૦૨૩ ના રોજ ચેમ્બર ઓફ કોમર્સ દામનગરના પ્રમુખ પ્રિતેશ નારોલા અને વેપારી મિત્રોએ દામનગર શહેરમાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને બેન્ક ઓફ બરોડાનાં મેનેજરોને આપેલ આવેદન પત્રમાં રજુઆત કરી છે. કે એક બે ૫,૧૦,૨૦ અને રૂા.૫૦ ની નવી નોટ દરેક વેપારી મિત્રો અને ગ્રાહકોને આપવામાં આવે જેથી તાત્કાલિક અસરથી દિવાળીનાં દિવસોમાં વપરાશકર્તાઓને સરળતા રહે. બંન્ને બેંકનાં મેનેજરોએ જણાવ્યું હતું, કે રૂા.૧૦ અને રૂા.૨૦ ના સિકકા ચલણમાં શરૂ હોય વેપારીઓ અને ગ્રાહકો સ્વીકારે તો વેપારીઓને વેપાર થાય અને ગ્રાહકોને ચીજ – વસ્તુ મળી રહે. એક અંદાજ મુજબ ફકત દામનગર શહેરમાં રૂા.૧૦ ના સિક્કા દસેક લાખ (ટોટલ) હશે. છ વર્ષ પહેલા આપવામાં આવેલા રૂા.૧૦ નાં સિક્કા કાટ ખાઈ ગયા છે. રિઝર્વ બેન્ક દ્વારા આપવામાં આવેલા રૂા.૧૦ ના સિક્કા ખોટી અફવાનાં કારણે બજારમાં લેવાતા ન હોય કેવું વિચિત્ર લાગે.

## ધારાસભ્ય મહેશ કસવાલા સમક્ષ માંગ

# સા.કુંડલા-દિવ્યાંગ વ્યકિતઓનાં વિવિધ પ્રશ્નોની વિધાનસભામાં રજુઆત કરો

**સંજયભાઈ ચોટલીયાએ લેખિત રજુઆત કરી**

સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલાના દિવ્યાંગ સંજય ચોટલીયાએ દિવ્યાંગ લોકોને થતો અન્યાય બાબતે વિધાનસભામા મુદ્દા મુકવા લેખિત રજુવાત કરતા જણાવે છે કે આજે ગુજરાત સરકારની યોજના જેવી કે વિધવા સહાય યોજના-વૃદ્ધા સહાય યોજના જેમાં વિધવા સહાય યોજના હેઠળ સરકાર બે ત્રણ દીકરા પુખ્તવયના હોવા છતાં મહિને બારસો રૂપિયાની સહાય કરે છે પણ આજે ગુજરાતના દિવ્યાંગ લોકો સાથે અન્યાય થઈ રહ્યો છે જેમા દિવ્યાંગજન લોકોને ફ્રી એસ.ટી.બસ પાસ છે તેની ટકાવારી ઘટાડીને ૩૦% કરી દેવામાં આવે તો તમામ દિવ્યાંગજન લોકોને લાભ મળી શકે,તેમજ ગુજરાત સરકારની યોજના હેઠળ દિવ્યાંગજન લોકોને મહિને ૧૦૦૦/– રૂપિયાની સહાય આપવામાં આવે છે જેમાં Intellectual disabilities/ Cerabral palsy/Autism આ ત્રણ કેટેગીરીમાં આવતા દિવ્યાંગજન લોકો માટે ગરીબી રેખા હેઠળ આવતું ( BPL ) ની જરૂરિયાત રેહતી નથી સહાય મેળવવા માટે પણ આ સિવાયના અન્ય કેટેગીરીમા આવતા દિવ્યાંગજન પાસે ફરજીયાત ગરીબી રેખા હેઠળ આવતું (BPL) કાર્ડ ફરજીયાત રાખેલ છે જેથીએ દિવ્યાંગજન લોકો સહાયથી વંચિત રહે છે માટે આ યોજનામાંથી ગરીબી રેખા હેઠળ આવતું ( BPL ) કાર્ડ કાઢી નાખવામાં આવે તો તમામ દિવ્યાંગજનને લાભ મળી શકે તેમજ દિવ્યાંગજન લોકોને મહિને ૧૦૦૦/– રૂપિયાની સહાય આપવામાં આવે છે તે ફક્ત ૮૦ % ઉપર દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજન લોકોને જ મળે છે માટે ૩૦% થી ૧૦૦ સુધીના દિવ્યાંગજનો ને આ સહાય મળવાપાત્ર થાય તેમજ સરકારની ઘણા વર્ષો પેહલા ટેલીફોન બુથ માટેની યોજના હેઠળ પીળા રંગનું કેબીન આપવામાં આવતું અને કેબીન મુંકવા નગરપાલિકાની હદમાં આવતી એવી જગ્યા જે કોઈને નડતરરૂપ થતી ના હોઈ એવી જગ્યા પણ આપવામાં આવતી હાલએ યોજના અમલમા છે પણ મોબાઈલ આવતાની સાથે ટેલીફોન બુથ નીકળી જવાથી હાલ આ યોજના હેઠળ ઝેરોક્ષ – સ્ટેશનરી – કિરાણાનો વેપાર આ સિવાયના અન્ય રોજગારી માટે ધંધો કરી શકે તો આ અંગે નગરપાલિકામા આ અંગે ઠરાવ પસાર કરી મંજૂરી સાથે દિવ્યાંગજન લોકોને રોજગારી મળી રહે તેવી રજુઆત કરેલ.


■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ

ટાયર-ટયુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ



સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.

સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## દરેક સમાજનાં બાળકો શ્રેષ્ઠત્તમ શિક્ષણ મેળવી રહ્યા છે

# સાવરકુંડલા : એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલ શિક્ષણ માટે પ્રેરણારૂપ

**શૈક્ષણિક સંકુલમાં પૂ. વલકુબાપુ, પૂ. વિજયબાપુ પ્રસંગોપાત યોજાતા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવતાં હોય છે**

**ધ્વજવંદનનાં એક કાર્યક્રમમાં ખોડલધામનાં પ્રણેતા નરેશ પટેલ પણ ઉપસ્થિત રહેલ**

**અમરેલીનાં સાંસદ સહિતનાં અનેક રાજકીય અને સામાજિક આગેવાનો પણ અવારનવાર મુલાકાત લે છે**

**હિન્દુ–મુસ્લિમ એકતાનાં પ્રતિકસમા શૈક્ષણિક સંકુલમાં ૧૮૦ જેટલા હિન્દુ સમાજનાં બાળકો અભ્યાસ કરે છે**



અહેવાલ–તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલામાં મહુવા રોડ ઉપર સૈયદ મોહમ્મદ ગુલામઅલી કાદરી (એસએમજીકે) જે સંકુલ તમામ માટે ખુલ્લું છે. અહી ચલાવવામાં આવતા કે.જી.થી કાલેજ સુધીનાં તમામે તમામ કોર્સમાં કોઈપણ જ્ઞાતિ, ધર્મ કે સંપ્રદાયનો વિદ્યાર્થી એડમિશન લઈ શકે છે (આ મદ્રેસા નથી). આ સંકુલમાં ૧૮૦ જેટલા હિન્દુ પરિવારના બાળકો પણ ભણે છે. તેમાં મોટાભાગનો શૈક્ષણિક સ્ટાફ હિન્દુ છે. અરે આ મુસ્લિમ સમાજનાં લાખો રૂપિયાના દાન ધ્વારા નિર્માણ પામેલ સંકુલમાં રસોયો જે રાજસ્થાની હિન્દુ પરિવાર પોતાનાં ફેમિલી સાથે વર્ષોથી રહે છે. કોઈપણ વ્યકિત કયારેય પણ આ સંકુલની અંદર મુલાકાત લઈ શકે છે અને આ ઉપરાંત આ શૈક્ષણિક સંકુલમાં સતાધારના વર્તમાન મહંત પૂજય શ્રી વિજયબાપુ આ શૈક્ષણિક સંકુલની અવારનવાર મુલાકાત લઈ લાખો રૂપિયા દાન પણ આપેલું છે. આ ઉપરાંત સાવરકુંડલા માનવ મંદિરના મહંત શ્રી ભકિતરામબાપુ પણ પ્રસંગોપાત આ સંકુલમાં યોજાતા કાર્યક્રમોમાં હાજરી આપતા રહ્યા છે અને સંકુલની એકે એક પ્રવૃત્તિથી વાકેફ છે. આ ઉપરાંત દર વર્ષે ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર દિવસ અને ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસ કોઈપણ જાહેર ક્ષેત્રની સેવા કરતી વ્યકિતના હાથે ધ્વજ વંદન કરવામાં આવે છે. આ દેશ પ્રેમના કાર્યક્રમમાં આ સંકુલના તમામ વિદ્યાર્થીઓ દેશભકિતના કાર્યક્રમો પણ રજૂ કરે છે. આવા જ એક કાર્યક્રમમાં ધ્વજવંદન નિમિત્તે સમગ્ર પાટીદાર સમાજના આદરણીય ખોડલધામના કર્તાહર્તા નરેશ પટેલના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. આ સંકુલનાં પાયામાં મૂળ હેતુ એ છે કે, શૈક્ષણીક રીતે મુસ્લિમ સમાજ અન્ય તમામ સમાજોની સરખામણીમાં ખુબ જ પછાત છે, તેને રાષ્ટ્રનાં મુખ્ય પ્રવાહ સાથે ભેળવવા અને વર્તમાન આધુનિક સમયનું જ્ઞાન કે જેમાં અંગ્રેજી અને કમ્પ્યુટર મુખ્ય છે, તે પ્રાપ્ત કરવા વાતાવરણ પૂરૂં પાડવું. અહી આઈ.ટી.આઈ. પણ જેમાં ઘણાં પ્રકારનાં સ્વરોજગારીનાં કોર્સ ચાલે છે, તેમાં તમામ ધર્મ, જ્ઞાતિ કે સમાજનાં વિદ્યાર્થિઓ અભ્યાસ કરી રહ્યાં છે. સાયન્સ કાલેજ પણ છે. આજે આ સમગ્ર સંકુલના ડાયરેકટર ઈબ્રાહીમભાઈ કુરેશી જેઓ પોતે એમ.એસ.સી.બી.એડ. છે અને મૂળ થાનગઢનાં વતની છે. સુવિખ્યાત હાસ્યકાર શાહબુદીન રાઠોડનાં ભાણેજ છે. સમગ્ર સંકુલની એક એક પ્રવૃત્તિથી સાથે ફરીને વાકેફ કરાવ્યા હતા.

પીરે તરીકત સરકાર દાદાબાપુ સૈયદનાં વાલિદ પીરે તરિકત સૈયદ મોહમ્મદ ગુલામઅલીબાપુ કાદરી (એસએમજીકે) નાં નામ સાથે જોડાયેલ આ શૈક્ષણીક સંકુલ એવી નેમ સાથે શરૂ કરવામાં આવેલ છે કે આ સંકુલ હિંદુ–મુસ્લિમ એકતાનું ક્રાંતિકારી પ્રતિક તરીકે સ્થાપિત થાય અને એ જ માટે હર હંમેશ દાદાબાપુ દ્વારા તમામ સંપ્રદાયના અને તમામ ધર્મના અને તમામ જ્ઞાતિના અને તમામ રાજકીય પક્ષના આગેવાનોને અવારનવાર આ સંકુલની મુલાકાત લેવા આગ્રહ કરતા રહ્યા છે. અરે આ વિશાળ સંકુલના મેદાનમાં મોટાભાગના અસંખ્ય વૃક્ષોનું વાવેતર જુદા જુદા તમામ સામાજિક, રાજકીય, ધાર્મિક વડાઓ દ્વારા કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજય કક્ષાની, જિલ્લા કક્ષાની અને તાલુકા લેવલની અસંખ્ય વિવિધ હરીફાઈઓ જે સરકાર દ્વારા સંચાલીત હોય છે તે આ સંકુલમાં જ યોજાય છે. કોરોના કાળ દરમિયાન સુરત, અમદાવાદ કે મુંબઈ જેવાં શહેરોમાંથી આવતા કોઈપણ જ્ઞાતિ કે ધર્મનાં લોકો માટે કોરોન્ટાઈન સેન્ટર આ સંકુલમાં ખાવા–પીવાની ને રહેવાની તમામ સુવિધા નિઃશુલ્ક પુરી પાડવામાં આવી હતી.

૨૦૦૧ની સાલમાં આવેલાં ભયંકર ભૂકંપમાં દાદાબાપુએ માનવતાનાં મિસાલ બનીને કામગીરી કરી હતી જેને ત્યારનાં મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે પણ નોંધ લઈ જાહેર ટીવી ચેનલ ઉપર દાદાબાપુની પ્રશંસા કરી હતી. સમગ્ર ગુજરાત કક્ષાએ સૈયદ પીર દાદાબાપુ ધ્વારા વ્યસન મુકિતનું અભિયાન ચલાવવામાં આવે છે જેમાં અત્યાર સુધીમાં એકાદ લાખ લોકોએ વ્યસન છોડયા છે અને તેમાં ૪૫,૦૦૦ તો હિન્દુ સમાજના છે. પીરે તરિકત સરકાર દાદાબાપુ ધ્વારા અવારનવાર ધાર્મિક તહેવારોની ઉજવણીમાં ગૌશાળા, અન્નક્ષેત્ર, આશ્રમમાં દાન અપાતું રહે છે.

આ લખનાર પ્રતાપ ખુમાણ જયારે પ્રાથમિકમાં અભ્યાસ કરતો ત્યારથી દાદાબાપુને નજીકથી ઓળખે છે, એ એટલું મૃદુ અને ધીમેથી વાત કરે કે આપણે બરાબર કાન દઈને સાંભળવું પડે, જો કોઈએ કયારેય કોઈપણ પ્રકારનાં ધાર્મિક જલ્સાઓમાં અન્ય મૌલવીઓની જેમ જોર જોરથી, હોય એટલું પૂરૂં બળ કરીને તકરીર કરતાં જોયા હોય તો જણાવજો. મારી યાદદાસ્તમાં તો નથી. રૂબરૂ જે પણ અંગત રીતે દાદાબાપુને મળ્યાં હોય તો ચહેરા ઉપર નૂરે ઈલાહી. નબી (ઈરનો દૂત) નિર્દોષ બાળક સમાન સ્મિતથી સામેવાળાના દિલને સુકુન આપે છે. થોડાં વરસો પહેલાં ફિફાદ ગામે સમૂહ શાદીમાં પૂ. મોરારીબાપુ પણ પીરે તરીકત દાદાબાપુ સાથે મંચ ઉપર હાજર રહ્યાં હતાં. છેલ્લાં ઘણાં વર્ષોથી, સાવરકુંડલા કે જે પોલીસ ચોપડે સેન્સીટીવ એરિયા ગણાય છે ત્યાં કોમી એખલાસ જળવાઈ રહે છે તેનું એકમાત્ર કારણ દાદાબાપુની હાજરી છે. ત્યારે વાસ્તવિકતાનાં મૂળ સુધી પહોંચ્યા વગર એમને એમ કાલ્પનિક ધારણા બાંધી લેવી અને ઘણીવાર તદ્દન ઉપજાવી કાઢેલી વાતો અફવાઓ ફેલાવનારાને શાંત નિર્મળ જળમાં પથ્થરો મારી અશાંતિ ઊભી કરવા સિવાય કોઈ એજન્ડા ન હોય શકે. જયારે જયારે આવી પરિસ્થિતિઓ ભૂતકાળમાં બનવા પામી છે ત્યારે તમામ સામાન્ય પરિવારો કે જેઓ રોજનું કમાઈ, રોજ ખાતા હોય તે પછી કોઈ પણ ધર્મ, જ્ઞાતિ, સંપ્રદાયના હોય તે જ ભોગ બને છે. એટલું તો ડંકે કી ચોટ પર કહી શકાય કે, જયાં સુધી દાદાબાપુની સ્વદેહે આ ધરા ઉપર ઈલ્મિયત છે, ત્યાં સુધી તેમની રાષ્ટ્ર પ્રત્યે, દેશ પ્રત્યે, કોમી એકતા મુદ્દે શંકા કરવાને કોઈ સ્થાન નથી. કુદરત એવાં તમામને ખૂબ ખૂબ તાકાત બક્ષે જે ખરેખર દિલથી શાંતિ, અમન, ભાઈચારો ચાહે છે અને એવાં જે લોકો કે જે ચહેરે પે કઈ ચહેરે લગા કે ઘૂમ રહે હૈ, જાહેર મંચ ઉપરથી જુદું જ બોલે ને પોતાનાં અંગત વર્તુળમાં જુદું. ઉસે કતઈ કામિયાબ ન હોને દે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬


















''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર.......................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય...............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨






# વાર્તા–વૈભવ

## અંજળપાણી

**ડૉ. ભરતસિંહ બારડ**



ડૉ. ભરતસિંહ બારડ

**પરિચય :**
ડો. ભરતસિંહ હરિચંદ્રસિંહ બારડ
શૈક્ષણિક લાયકાત : M.A. B.ed. Ph.D.
મ. શિક્ષક
શ્રીમતિ હંસાબેન પ્રવિણભાઈ ઠાકર સર્વોદય વિનય મંદિર શામળાજી.
(સાબરકાંઠાના આદિજાતિ સમાજની શિક્ષણ થકી વિકાસને ધ્યેય બનાવીને, પરભવના પિતરાઈ તરીકે ઓળખવામાં આવતા પ્રખર ગાંધીવાદી સમાજ સેવક પૂ. નૃસિંહભાઈ ભાવસાર દ્વારા સને. ૧૯૬૨માં સ્થાપિત શાળા)
નિમણુંક તા. ૦૫/૧૧/૨૦૦૯
વતન : ધંબોલિયા, તા. ભિલોડા, જિ. અરવલ્લી.૩૮૩૩૫૫
મો. ૯૪૨૭૫ ૯૪૧૯૨ / ૯૨૬૫૨૨૯૨૦૯

**: અંજળપાણી :**

ધનીની કાકલૂદી અને રોકકળથી પશાને ફર્ક પડતો જ નહોતો. એ કરગર્યા કરતી હતી ને પશો જાણે કસાઈની જેમ બારણા વચ્ચે અડીખમ ઊભો હતો. ધનીની ચૌદ વરસની દીકરી ટીના માનો પાલવ પકડીને તેની સોડમાં લપાઈ ગઈ હતી.

ટીના અને ધનીની આંખમાંથી શ્રાવણ–ભાદરવો વરસી રહ્યો હતો. ટીના રડતાં રડતાં એક જ વિનંતી કરી રહી હતી કે બા, બાપા મન ચાં મોકલે સે ? મું તારાથી સેટી નંઈ જઉં હો, મન તારા વગર મૈં ગમે. બા, મું ઘરનું બધું કાંમ કર્યુ બસ ? પણ મન આંયથી ચાંય જવું નથી. ધની પણ ટીનાને પોતાની બાથમાં લઈ સમજાવી રહી હતી કે બેટા ટીના, જાં હુધી મેં જીવું શું તાં હુધી તન ચાંય જવા નંઈ દઉં બેટા !' મા–દીકરીની કાકલૂદીને સમજે એવું પથારીમાં પડયા પડયા રડી રહેલા રામભાઈ સિવાય ઘરમાં બીજું હતુંય કોણ ? પશો ગુસ્સામાં ને ગુસ્સામાં ઘેરથી બબડતો બબડતો ચાલ્યો ગયો કે – બપોર હુંધીમાં તીયાર થાઈ જાજે... તન લેવા હાટુ...' ટીના એની માને વળગી પડી હતી. એની આંખમાંથી ચોધાર વરસી રહેલા આંસુ ધનીના હૃદયને તાર–તાર કરી રહ્યા હતા. ધની પણ આ બધી ઘટના માટે જાણે કે પોતાના નસીબનો જ વાંક સમજી મન મનાવતી રહી હતી.

ધની નાનપણથી જ એના બાપને ઘેર લાડકોર્ડ ઊછરેલી. ઘરની પરિસ્થિતિ ખૂબ જ સામાન્ય હતી, તેમ છતાં ધનીને ખુશ રાખવા એનો બાપ સવજી રાત–દી' એક કરતો.

ધની પાંચ વરસની હશે ને એની મા રતન ભગવાનને પ્યારી થઈ ગયેલી. ત્યારથી જ ધનીનો બાપ એને મા અને બાપ બંનેનો પ્રેમ આપતો. મજૂરી માટે ખેડબ્રહ્મા કે પોશીના જવાનું થાય ત્યારે વળતાં ધની માટે ચવાણું કે બિસ્કિટ ફરજિયાત લાવતો અને દીકરી ધનીને વહાલથી ખવડાવતો. રતન મરણપથારીએ હતી ત્યારે સવજીને કહેલું કે 'ધનુ મારી આંશ્યોનું રતન સે ! એન ખૂબ હાચવજો. આપડે તો મજૂરી કરી પણ ઈન ચાંક હારૂં હતું હોધીન પૈણાવજો.' સવજીએ ભીની આંખે રતનનો હાથ પકડી કહેલું કે – ધની મારો જીવ સે. મલકમાં જે હારામાં હારૂં હતું અસે, તાં જ મારી ધનીન પૈણાયે. તું ચંત્યા ના...' એટલું કહેતાં કહેતાંમાં સવજીની આંખો વરસી પડેલી.

ધની નજીકના ગામ સેંબલીયામાં સાતમું ધોરણ ભણી રહી ત્યાર બાદ ઘરકામ કરતી અને બાપા સવજીને ખભેથી ખભો મિલાવી ખેતીકામમાં મદદ કરતી. ઉંમરમાં નાની પણ સમજણમાં ઠરેલ ધની માટે સવજીએ ઘણાં સગાં જોયાં. મરતી વેળા પોતાની પત્નીને આપેલ વચન સવજી યાદ કરતો ને ધની માટે સારૂં સગું શોધતો. છેવટે ધનીનું અઢાર વર્ષે પોશીનાની બાજુમાં આવેલાં રામપુર ગામે લગ્ન થયાં. ચારેબાજુ અરવલ્લીની ગિરિમાળાઓ, અરણ્ય અને લીલોતરી વચ્ચે આવેલા રામપુરના આગેવાન રામાભાઈના દીકરા પશા સાથે ધનીનું લગ્ન કરાવી સવજી એમ સમજતો હતો કે – દીકરી નજીકમાં જ પરણાવી સે તે અડધી રાત્યેય ધની હાંભળે તોય ખબર લઈ અવાય ! ઈમાં ય વેવાઈ રામભાઈ ગાંમમાં પૂસાતો માંણહ, એટલે ધનીન કોઈ વાતે કમી ની પડે !'

સમય વહેતો ગયો ને ધની રાંમપુરમાં વખણાઈ. લોકો કહેતા કે 'વહું તો પશાની' ધની આખો દિવસ ઘરકામ કરતી, ખેતરે જતી, ઢોર–ઢાંખરનું કામ કરતી છતાં હસતી ને હસતી રહેતી. ધની મા વગરની દીકરી હતી એટલે સસરા રાંમભાઈ તો દીકરીની જેમ રાખતા. પણ પશો ધની સાથે નાની નાની વાતે ઝઘડતો અને કયારેક તો માર પણ મારતો. ધની 'આજ નઈ તો કાલ સુખનો દા'ડો આવહે જ !' એમ વિચારતી અને દિવસો કાઢતી. ભગવાન પણ જાણે ધનીની પરીક્ષા લેતો હોય એમ એક દિવસ એવો આવ્યો કે ધનીના બાપા સવજીના મૃત્યુના સમાચાર આવ્યા. અંબાજી જતી વેળા ત્રિશૂળીયા ઘાટે જીપ પલટી જતાં તેનું મૃત્યુ થયું ને ધની પિયરપક્ષે નોંધારી બની રહી. હવે તો પિયર ગણો કે સાસરૂં, રાંમપુર જ ધનીનું સર્વસ્વ હતું.

ધનીની સુવાવડ હતી ત્યારે તેને મા અને બાપા ખૂબ યાદ આવતા. પોતાની દીકરીને જોઈ ધની હરખાતી અને વિચારતી કે ' પોતાનાં મા–બાપ જીવતાં હોતતો રાજી રાજી થઈ ગયાં હોત, પણ નસીબ !' ધની પોતાની દીકરી ટીનાને ખૂબ વહાલ કરતી.

જે માના પ્રેમથી પોતે વંચિત હતી તેની ઊણપ પોતાની દીકરીને કયારેય સાલે નહિ તેની તકેદારી લેતી.

સસરા રાંમભાઈ ઉંમર તથા બીમારીને લઈ મોટાભાગે પથારીવશ રહેતા. પશો રાત્રે ' હળો' (દારૂ) પીને આવતો ને ધનીને નાની અમથી વાતે માર મારતો. આ ક્રમ ધીરેધીરે રોજનો થઈ ગયેલો.

ટીના નાનપણથી જ આ બધું જોતી આવેલી. ઘણી વાર પોતાની માને વળગી પડતી ને કહેતી કે – 'હેંડ બા, આપડ બેય હાંમ્મા કૂવામાં પડીન મરી જઈએ ! મારાથી તારા હાળ નહિ જોવાતા !' ધની સમજાવતી કે – 'બેટા, આજ મૈં તો કાલ હારૂં થાહે, આજ દુ:ખ સ તો કાલ સુખ પણ આવહે. તું ચંત્યા ના કર બેટા ! જાં સુધી તારૂં ન મારૂં અંજળપાંણી સ તાં સુધી કોઈની તાકાત નહિ કે તન મારાથી કોઈ દૂર કર. તું જીવું તાં સુધી તાર કાંઈ ચંત્યા નૈ કરવાની... એમ એકબીજાને સમજાવતાં–મનાવતાં મા–દીકરી એકબીજાને વળગી ધ્રુસકે ધ્રુસકે રડતા.

ઘણી વાર તો ધની વિચારતી કે 'નાનપણમાં માનો પ્રેમ ના મલ્યો, લગન પસી બાપા ગુજરી ગયા. ધણીનો પ્રેમ તો કદી મળ્યો જ નહિ. આવી જિંદગીનો શું અરથ ? ઈના કરતાં તો ભગવાન મોત આલ તો ય હારૂં.'

કમાડ ખખડયું ને ધની સફાળી બેઠી થઈ ગઈ. બહાર જઈ જોયું તોપશો હળો પીને આવેલો. તેની લાલચોળ આંખો અને હાથમાં રહેલા ધારિયાને જોઈ ધનીને ખ્યાલ આવી ગ્યો કે આજે કંઈક ના બનવાનું બનશે એ નક્કી. પશો ગુસ્સામાં તાડૂકયો ટીની ચાં સ ?' **(ક્રમશ:)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

■ ઉખાણા ■ બાળવાર્તા ■ જોડકણા ■ બાલગીત ■ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## ભાતીગળ સૌરાષ્ટ્ર

## શ્રી નાગનાથ મહાદેવ



– ડો. વસંતભાઇ પરીખ

**રૂપિયા ૬૦ હજારનો ખર્ચ**

મંદિર બાંધવા અંદાજી ખર્ચ રૂપિયા સાંઈઠ હજાર થયો છે અને આ સંસ્થાના ખર્ચ સારૂ ઈનામી ગામ મોજે રંગપુર તાલુકે અમરેલીનું તથા મોજે રાવળગાંવ ધારી તાલુકાનું આપવામાં આવેલું હતુ. તેમાંથી કેટલીક ખર્ચ માટેની રકમ એકઠી કરવામાં આવેલી હતી. તેવી નોંધ સચવાયેલ છે. ઈ.સ. ૧૯૭૨ સુધી સરકારે આ મંદિરનો વહીવટ સંભાળ્યો. ત્યાર પછી એક ટ્રસ્ટ રચી તેને સોંપી દીધો છે.

**સ્થળ વર્ણન**

આજે જયાં સુધરાઈ ઓફિસ છે. તે જગ્યાની સામે ત્યારે કોટની દીવાલ હતી અને તે ઉત્તર દક્ષિણ જતી હતી. ઉત્તરે આગળ વધતા આજે જેને જવાહર ગેટ કહેતા ત્યાંથી તે પશ્વિમ બાજુ વળી જતી હતી અને આ દરવાજો ચિતલ દરવાજા તરીકે ઓળખાતો. આજે આ દરવાજો અને દીવાલ પાડી નાખવામાં આવી છે. આ દરવાજાની નજીકની જગ્યામાં શ્રી નાગનાથ મહાદેવ મંદિર બાંધવામાં આવ્યું છે. તેની સામે જયાં પહેલા દીવાલ હતી તે જગ્યાએ કૈલાસ બાગ છે અને એમાં કૈલાસપતિ શ્રી શંકરની પશ્વિમાભિમુખ મૂર્તિ છે. આ બધું હમણાં જ થોડા વર્ષો પહેલા જ થયું છે.

**ગણપતિ હોલ**

આ મુખ્ય રસ્તા પર શ્રી નાગનાથ મહાદેવ મંદિરનો મુખ્ય દરવાજો છે. તેના સ્તંભો પર બન્ને બાજુ સિંહના મોટા શિલ્પ બેસાડયા છે. આ દરવાજાથી શરૂ થતી વિશાળ દીવાલ સમગ્ર મંદિરના પટાંગણને આવરી લે છે. અંદરનું પટાંગણ ઘણું મોટું છે. દરવાજામાંથી પ્રવેશતા થોડી જગ્યા છોડ દેતા બીજો દરવાજો આવે છે તે મંદિરની દેવડી છે. તેના પ્રવેશદ્વારની બન્ને બાજુના ગોખમાં અનુક્રમે ગણપતિ અને મારૂતિની પ્રતિમા છે, ઉપરના ભાગનો ઓરડો નોબતખાના તરીકે ઓળખાતો અને ત્યાં પ્રાત:કાળથી માંડીને દિવસ અને રાત સુધી યથા સમય ચોઘડીયા વાગતા. નીચેના ભાગમાં આવેલા એક ઓરડામાં સામાન રહેતો હતો. ત્યાં મશાલચી અને છડીદાર પોતાનો અસબાબ રાખતા. ભગવાનની આરતી વખતે છડીદાર અને મશાલથી હાજર રહેતા. નોબતખાનામાં નોબત અને શરણાઈ વાગતા, મંદિરમાં શંખ ફૂંકાતો અને ઝાલર તથા ઘંટનાદ થતો. આ પ્રથા મહદઅંશે આજે પણ ચાલુ છે. નોબતખાનાની, મંદિરના અંદરના ભાગ તરફની દિવાલમાં બે મોટા ગોખો છે. તેમાં અનુક્રમે કાળભૈરવ અને બટુક ભૈરવની પ્રતિમાઓ છે. એના દક્ષિણ તરફના ગોખને અડીને બે ઓરડાઓ આવેલા છે. ત્યાં જુના સમયમાં સદાવ્રત ચાલતુ. તેમજ તેઓ રસોડા તરીકે પણ ઉપયોગ થતો. આ ઓરડાઓ પુરા થતા દિવાલ પશ્વિમ તરફ વળે છે.

## અફવાથી બચો

**– પ્રકાશ ડી. કુબાવત**



ઘણા સમય પછી આજ શાળા ખૂલી હતી. કોરોનાના કારણે શાળા બંધ હતી. બધા પ્રાણીઓના બચ્ચા ઘરે કંટાળી ગયા હતા.
શાળામાં બધા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરતા હતા. બધાં પ્રાણીઓ દશ–દશ ફુટના અંતરે બેઠા હતા. બધાએ માસ્ક પહેર્યા હતા. હેન્ડવોશથી હાથ ધોયા હતા.
પહેલો પરિયડ જંબો હાથીનો હતો. તે ગણિત વિષય ભણાવતા હતા. ત્યાં હાંફતો–હાંફતો ચિતરંજન ચિતાનો ચેતુ આવ્યો.'મે આઈ કમ ઈન'માંડ બોલી શકયો.

થોડી વાર થઈ ત્યાં તો ચેતુ ધડામ કરતો બેંચ પરથી નીચે પડી ગયો.
કલાસના બધા એકસાથે બોલી ઉઠયા,'ભાગો –ભાગો ચેતુને કોરોના થયો છે. તે શ્વાસ લઈ શકતો નથી''બધા પ્રાણીઓ ધબરાહટમાં બહાર નીકળી ગયા. મોનિટર વિનુ વાંદરાએ કહયું કે,'' હવે કોઈએ ચેતુને નજીક આવવા દેવો નહિ. તેને કોરોના છે. જો તેની પાસે આપણે જઈશુ તો આપણને પણ કોરોના થશે''

જંબો મોજા પહેરી ચેતુ પાસે ગયો. થર્મલગન થી તેનું ટેમ્પરેચર
માપ્યું. ટેમ્પરેચર થોડુંક ઉંચુ આવ્યું. તે પાણી લાવ્યો અને ચેતુ ઉપર છાંટયું. ચેતુ તરત જ ભાનમાં આવી ગયો.

જંબોએ પ્રેમથી પૂછયું કે,'' કેમ તારી તબિયત બરાબર નથી?''
ચેતુ કહે, '' તબિયત તો બરાબર જ છે, પણ આજ સ્કૂલ બસ ચૂકાય ગઈ. આથી હું ચાલીને આવ્યો.માર્ચ મહિનાની ગરમી હું સહન કરી શકયો નહીં.મને એમ કે કંઈ નહિ થાય. પણ ચાલીને હું થાકી ગયો. એક પણ દુકાન ખૂલી ન હતી. આથી હું રસ્તામાં પાણી પણ પી ન શકયો. સ્કૂલે માંડ પહોચી શકયો. આથી મને ચકકર આવી ગયા.''

જંબોએ તેને લીંબુ શરબત પાયું, ગ્લુકોઝના બિસ્કીટનું એક પેકેટ ખવડાવ્યું. અડધી જ કલાકમાં તે સાવ સારો થઈ ગયો.

રિસેસમાં પણ બધા તેને શકની નજરે જોવા લાગ્યા. બધાએ તેનાથી
એક પ્રકારની દૂરી બનાવી લીધી. ધણા પ્રયત્ન કરવા છતા કોઈ માનવા તૈયાર ન હતું કે તેને કોરોના નથી.

રિસેસમાં પણ બધાં તેને શકની નજરે જોવા લાગ્યા. બધાએ તેનાથી એક પ્રકારની દૂરી બનાવી લીધી. ધણા પ્રયત્ન કરવા છતા કોઈ માનવા
તૈયાર ન હતું કે તેને કોરોના નથી

બીજા દિવસે શેરસિંહના સામંતને શાળામાં ઝાડા થઈ ગયા. તે વારંવાર શૌચાલયમાં જતો હતો.

રિસેસમાં વિનુએ પાછુ બધાયને કહયું કે, '' આપણે સાંમતથી પણ
દૂરી બનાવવાની છે. આપણે કોઈએ તેની સાથે બોલવાનું નથી.
તે આપણી પાસે આવવાની કોશિશ કરે તો આપણે ભાગી જવું. છ ફુટના અંતરથી કશુ વળશે નહીં.''

રિસેસમાં બધા પ્રાણીઓ સાંમતને એકલો મૂકીને દૂરદૂર ચાલ્યા ગયા. સામંત રજા લઈને ઘરે ચાલ્યો ગયો.
શેરસિંહ સાંમતને દવાખાને લઈ ગયો. સામંતને તપાસી ડો. વિજય વાધે કહયું કે,'' સામંત ને કોરોના નથી પણ રાત્રે બહારનું ખાવાથી ઝાડા થઈ ગયા છે. મે દવા આપી છે. તેનાથી સારુ થઈ જશે. કોરોના નથી તે સાંભળી શેરસિંહ રાજી–રાજી થઈ ગયો.
બીજા દિવસે સામંતે જંબો સરને બધી વાત કરી. છતા પણ આ વાત માનવા કોઈ તૈયાર થયું નહીં.

વળી એક–બે દિવસ પછી હંસી હરણીના હેમને શાળામાં ખાંસી આવે છે. રિસેસ સુધીમાં ત્રણ–ચાર ખાંસી આવે છે.પાછા બધા પ્રાણીઓ માને છે કે હેમને પણ કોરોના થયો છે.બધા પ્રાણીઓએ તેનાથી પણ દૂરી બનાવી. તેને એકલો કરી નાખ્યો.

સાંજે તે પણ ડો. વિજય પાસે દવા લેવા ગયો. ડો વિજયે તેને પૂછયું કે,''કાલેતે ઠંડુ કંઈ ખાધુ હતું ? ''

ત્યાં તો હંસી બોલી ઉઠી, ''કાલે તેને બે આઈસ્ક્રીમ ખાધા હતા અને આખા દિવસ દરમ્યાન એક આખી કોલ્ડ્રિંકસની બોટઈ પી ગયો હતો. ''

''તમારે મૂંજાવાની જરૂર નથી. તાવ અને ખાંસી ઠંડી વસ્તુનું વધારે પડતું સેવન કરવાથી આવ્યા છે, તેને કોરોના નથી. આ ત્રણ દિવસની દવાથી તેને સારુ થઈ જશે. '' ડો.વિજય બોલ્યા હંસીએ ડો. વિજયનો ખૂબ–ખૂબ આભાર માન્યો.



**બાલમિત્રો,**

પરીક્ષા પુરી થયામાં છે ને ? પરીક્ષાનો થાક, હાઉમાંથી ઉતરી ગયા ખરું ને ? હવે તો હળવાફુલ. તમે તો હળવા થયા પણ સાથે તમારા માતા–પિતા પણ હવાળ થયા હશે. રોજ પરીક્ષાની તૈયારી કરાવવી, વાંચવા બેસાડવા, પરીક્ષાના સાધનો આપવા, કોઇ ભૂલ ન થાય તેની કાળજી રાખવી. આ બધુ બીજા કરે એ એટલે તમને ખબર ન પડે. પણ કેટલાક તો સ્વાશ્રયી હોય તેઓ જાતે જ બધી તૈયારી કરી લેતા હોય. કોઇને ખબર શું પડે ? જાતે મહેનત જીંદાબાદ, એને જ સાચા ને સારા વિદ્યાર્થીઓ કહેવાય. વિદ્યાનો અર્થ એજ બની શકે જે સ્વાશ્રયી હોય. જાત મહેનતથી જે આગળ આવે તેમને જીવનમાં કયારેય મુશ્કેલી નડે જ નહી. માટે તમે પણ હવે પછી જાત મહેનત જીંદાબાદ સૂત્ર અપનાવી લેજો... બાલમિત્રો...

## મારો સાઈકલ પ્રવાસ



અમે જ વાગે અમે પેવેલીયન ગયા ત્યાંથી બધાએ સાઈકલ પ્રવાસ શરૂ કર્યો. અમારુ ગામ ત્યા વચ્ચે જ પડે છે એટલે અમે બધાય આવ્યા એની સાથે જોડાય ગયો અમારા શ્રી કાચા સર આવતા હતા. અમે ધીમે ધીમે સાઈકલ હકાલતા હતા અને મારી સાથી મારો એક મિત્ર પણ હતો. ત્યાં રસ્તામાં હનુમાન દાદાનું મંદિર આવતુ હતુ અને પાછળ સૂર્યા મીલ પણ આવતુ હતુ અમે ૯:૩૦ મંદિરે પહોંચી ગયા.

ત્યારે પણ બારા કાઠયા અને મંદિરની અંદર દર્શન કર્યા પછી તેની બાજુમાં ગણપતિ બાપા બેસાડયા હતા અને અમે એના પણ દર્શન કર્યા ત્યાં મંદિરના બાપુ અમને પરસાદી દીધી. શંકર ભગવાનના પણ દર્શન કર્યા ત્યાં અમે શંકર ભગવાનને જળ ચડાવીયુ પછી અમી હીચકા ખાધા. ત્યાં ઘણાબધા લીમડા હતા. લીમડાના થડીયા પર ગુંદર પણ હતો. આચાર્યશ્રી કાચા સર પણ અમારી સાથે રમ્યા. મારો મિત્ર દ્વારકેશ દડો લાવ્યો હતો પછી અમે મંદિરની બાજુના મેદાનમાં ફુટબોલ રમ્યા અમે પછી પકડમ પકડી રમ્યા અને ત્યાં એક ઝાડના થડીયાથી પાસીકા રમ્યા અને પછી નાસ્તો કર્યો, નાસ્તો કર્યા પછી અમે ગરબા રમ્યા પછી અમે સૂર્યા મીલમાં ગયા ત્યાં અમે ખોણ નીકળે તે જોયો તેલ નીકળે તે જોયુ. પછી અમે કપાસના ઢગલા પાસે ગયા. ત્યાર પછી અમે કપાસની ગાસડીઓ બાંધી તે વજન ૧૫૦ કિ.લો.ની હતી પછી અમે ઘરે ગયા.

**– પાથર મીત આર.**
**(ધોરણ–૭)**

## વાહ ! મારા તરાપાનાં તારનાર




ઓ. એન.જી.સી.નાં એક કર્મચારી સુધારકરભાઈ જણાવે છે :

''હું એક અઠંગ દારૂડિયો હતો. દારૂનાં નશામાં ચકચૂર થઈને ઘરમાં ધમાલ કરી નાખતો. ભોજનની પીરસેલી થાળી ઉપાડીને ફેંકી દેતો. પત્ની તથા બાળકોને મારઝુડ કરતો.

મારા ભયથી બાળકો અડોશ – પડોશમાં ભાગી જતાં અને ત્રણ ત્રણ દિવસ સુધી પાછા ન આવતાં. માસિક હજારેક રૂપિયા દારૂમાં પુરા થઈ જતા અને આખો મહિનો ઉધાર લઈને ઘર ચલાવવું પડયું. અમદાવાદ, વડોદરા અને અંકલેશ્વર ખાતેનાં ઓ.એન.જી.સી. નાં ત્રણેય પ્રોજેકટોમાં લોકો મને સુધાકરનાં બદલે બાટલીકર અને લેટ્ટેબાજનાં નામે ઓળખતા. દારૂ છોડાવવા માટે મારા મા–બાપ અને પત્નીએ ઘણા ઉપાયો કર્યો પરંતુ મા–બાપ મરી પરવાર્યા ત્યાં સુધી મેં દારૂ છોડયો નહિ. સગાંસંબંધીઓ મારૂ આ વ્યસન જોઈને કહેતા કે તાંબાનાં પતરા પર અમે લખી આપીએ કે સુધારક આ જીવનમાં દારૂ પીવાનું નહિ છોડે. હું પણ દારૂથી બરબાદ થયેલા મારા જીવનને જોઈને તંગ આવી ગયો હતો. એ રાક્ષસને છોડવા માંગતો હતો પણ છોડાાા શકતો ન હતો.

એકવાર ચેટીચંડનાં દિવસે આશ્રમમાં આવ્યો. પૂજયશ્રીને જોઈને એમનાં પર મારી શ્રદ્ધા બેઠી. એમનું પ્રભાવશાળી વ્યકિતત્વ જોઈને મને લાગ્યું કે આ સંત ધારે તો મને દારૂથી છોડાવી શકે. પછી તો મે એમનાં ચરણ પકડી લીધા. પુજયશ્રીનું હૃદય તો કરૂણાનો સાગર હતું. એમણે મને પાણીનું આચમન કરાવ્યું અને પ્રભાવશાળી શબ્દોમાં કહયું કે, 'જા, દારૂ છુટી જશે.... હવેથી ન પીશ.''

પુજયશ્રીનાં ચમત્કારિક કૃપાપુર્ણ વાકયની અસર મેં તરત જોઈ. ૨૫ વર્ષનાં રીઢા વ્યસનથી હું મુકત થયો. એકવાર મારા જુના દારૂડિયા દોસ્તોનાં આગ્રહથી મેં દારૂનાં થોડા ઘુંટડા ગળે ઉતાર્યા પણ તરત મને પદાર્થ પાઠ મળ્યો. ગાડી ચલાવતાં ભયંકર અસ્કમાતથી માંડ બચ્યો. હું ચેતી ગયો અને પુજયશ્રીનાં શ્રીચરણે જઈ માફી માંગી અને ભુલનું પ્રાયશ્ચિત કર્યુ.

હવે હું સપરિવાર સુખી છું. પત્ની, બાળકો અને સગાંસંબંધીઓ મારૂ સુધરેલું જીવન જોઈને પ્રસન્ન થાય છે. આર્થિક સદ્ધરતા વધી છે. મારા જીવનની ડૂબતી નાવને તરણાનો નહિ પણ તારણહારનો સહારો મળ્યો છે. આ બધુ જ પુજયશ્રીની કૃપાનું ફળ છે. મારૂ જીવન એ વાતનું સાક્ષી છે કે જે કાર્ય માનવ પોતાનાં બળ–બુદ્ધિથી નથી કરી શકતો એ પુજયરી જેવા સંતોની કૃપાથી સહજમાં પાર પડે છે. – સુધારક નીલકંઠ નેસરીકર, બી–૪, સંજય પાર્ક સોસાયટી, માંજલપુર, વડોદરા–૪)

## હસવાની મનાઇ છે : જોકસ

**હલકો ખોરાક**

મમ્મી : અરે, અરે, પપ્પુ આ રૂ કેમ ખાય છે.?
પપ્પુ : કેમ મમ્મી, ડોકટરે જ કહ્યું છે કે હલકામાં હલકી ચીજો ખાવી.

**પહોંચે ક્યાં**

હાજરી પૂર્યા પછી ચોપડી ખોલતાં શિક્ષિકાએ માથું
ખંજવાળ્યું:હા તો... ગઈ કાલે હું કયા પહોચી હતી ભણાવતા
ભણાવતાં?
મનિયાએ ટપ દઈને કર્યુ : કયાંય નહિ, બેન?
તમે આજ કલાસમાં બેસી રહ્યાં હતાં.

**એટલે બેસતો નથી**

કરસન કડકો મણિનગર જવા લાલ દરવાજાથી બસમાં
ચડયો અને સળિયો પકડીને ઉભો રહ્યો, જગા હોવા છતાં
બેઠો નહિ. એટલામાં આસ્ટોડિયાથી ટિકિટચેકર બસમાં
ચડયો
અને કરસનને પૂછયું, ' ટિકિટ છે ?''
' નથી..''
'' તમને ખબર નથી કે ટિકિટ વગર બસમાં બેસવું એ
ગુનો છે.?''
'' એટલે તો હું કદી બસમાં બેસતો નથી. ઉભો રહું છું ''

**જોઈએ છે કઢી**

મમ્મીએ જોયું કે મનિયાને કઢી બહુ ભાવી એટલે
એમણે પૂછયું : '' એક વાટકી આપું?''
મનિયો : ''ના, પણ થોડીક કઢી આપ.''

**રજાનું કારણ**

સરદાર ગુરૂચરણ મિલિટરીમાંથી રજા ઉપર ઘેર ગયેલો.
એણે એક દિવસ પોતાના કમાન્ડીંગ ઓફિસર ઉપર નીચે
મુજબતારકર્યો: સોરી, રજા લંબાવવી પડશે.
યોગ્ય બહાનું વિચારી ને ટપાલથીલખી મોકલીશ.

**જીભ કાપી નાખો ?**

જાદુગર એક પછી એક અદભુત ખેલ કરી રહયોં હતો.

તેણે જાહેર કર્યુ કે હવે આ પ્રોગ્રામનો શિરટોચ જેવો ખેલ હું કરીશ, તેણે કોઈ પણ સ્ત્રીને સ્ટેજ પર આવવા જણાવ્યું જાદુગરે તેને હીપ્નોટાઈઝ કરી તેની અડધી જીભ કાપી નાંખી.

પછી પ્રેક્ષકો સમક્ષ જાહેરાત કરતાં કહયું કે, હવે કોઈ સખી ગૃહસ્થ ૧૦ રૂપિયા આપે તો આ સ્ત્રીની જીભ પાછી જોડી દઉ? થોડી વાર પછી એક પ્રેક્ષક ઉભો થયો અને પચીસ રૂપિયા આપવાની જાહેરાત કરી
જાદુગરે કહયું: '' શાબાશ, હું આવા કદરદાન પ્રેક્ષક ઈચ્છું છું.
પેલાએ કહયું:'' સાંભળો તો ખરા હું પચ્ચીસ રૂપિયા આપવા તૈયાર છું પણ જો તમે બાકીની અડધી જીભ પણ કાપી નાખો તો.''

**કયા ચાર દિવસ ?**

કરશન કડકાએ જયારે મહિનાઓ સુધી ભાડું ન આપ્યું ત્યારે મકાનમાલિક શેઠ જુહારમલ ધૂંઆપુંઆ થતો દોડી આવ્યો અને કહયું:'' કરશન હું તને ભાડું ચૂકવવા માટે ફકત ચાર દિવસ આપું છું.''
કરસન કહે: '' ધણો આભાર શેઠજી આપણે એ ચાર દિવસ ભાઈબીજ, ઉતરાયણ, હોળી અને દશેરા રાખીએ તો કેવું?''

# સંકલ્પ કેળવણી માટે યોજનાઓ

# વિચાર શકિત
(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**૭. સંકલ્પોનું યુદ્ધ**

વિચારશુદ્ધિના પ્રયાસની શરૂઆતમાં જ શુદ્ધ અને અશુદ્ધ સંકલ્પ વચ્ચે યુદ્ધ શરૂ થાય છે. અશુદ્ધ સંકલ્પ મનરૂપી કારખાનમાં વારંવાર પ્રવેશ કરવાનો પ્રયાસ કરે છે. તે હુકમ કરે છે કે ''હે ક્ષુદ્ર માનવી ! તે મને પ્રથમથી જ આશ્રમ આપ્યો છે. તે અગાઉ મને આવકાર આપી મારૂં હાર્દિક સ્વાગત કર્યુ હતું.

આથી તારા મનનાં પ્રેરણાધીન નીચલા વિષય સ્તરમાં રહેવાનો મને દરેક પ્રકારનો હકક છે. તું મારા પ્રત્યે આટલો બધો ક્રુર શા માટે થાય છે ? મેં જ તને રેસ્ટોરાં ને હોટલ, સિનેમાને નાટક, નાચપાર્ટીને દારૂનાં પીઠાનો આનંદ માણવાને માટે પ્રેરણા આપી છે. આમ, મારા દ્વારા જ તને અનેકવિધ આનંદની મઝા મળી છે. હવે તું મારા પ્રત્યે શા માટે કૃતઘ્ની બન્યો છે ? હું દઢતાપુર્વક ટકી રહી તારી સામે થઈ વારંવાર મારી મુલાકાત આપીશ. તારાથી બને તે કરી લે. જુની ટેવને વશ થઈ તું હાલ તદન નિર્બળ બની ગયો છે. અને તારામાં હવે સામા થવાની તાકાત રહી નથી. 'આમ, તે દલીલ કરે છે. પણ અંતમાં તો શુદ્ધ વિચારોનો જ વિજય નિશ્ચિત છે. રજસ ને તમસ કરતા સત્વ વધારે શકિતશાળી છે. હકારાત્મક સંકલ્પો હંમેશા નકારાત્મક સંકલ્પો પર વિજય મેળવવાનો જ.

**૮. શુભ સંકલ્પ એ જ પુર્ણતાનું પ્રવેશદ્વાર**

સંકલ્પ એ આજ્ઞાંકિત સેવક છે. તે સરળ સાધન પણ છે. તેનો તમારે વિવેકપુર્વક યોગ્ય ઉપયોગ કરવાનો છે. સંકલ્પ પર વિજય એ સુખનું પ્રથમ પગથિયું છે.

તમારા સંકલ્પની છાપ તમારા ચહેરા પર પણ પડી રહે છે. સંકલ્પ એ જ મનુષ્ય ને દેવની વચ્ચે સંબંધ બાંધનાર પુલ જેવો છે. તમારૂં શરીર, તમારૂં કાર્ય, તમારૂ ઘર ના બધું માત્ર તમારા મનની અંદરનાં વિચારોનું જ પ્રતિબિંબ છે. સંકલ્પ એ વીજળિક બળ છે. શુભ સંકલ્પ એ પુર્ણતાનું પ્રથમ પગથિયું છે. સંકલ્પ એ સાચી સમૃદ્ધિ છે.

**૯. સંકલ્પોને કેળવો ને પ્રબુદ્ધ બનો.**

તમારા મનમાંથી બધા બિનજરૂરી, નકામા અને પાપમય સંકલ્પોને હાંકી કાઢો નકામાં સંકલ્પો તમારા આધ્યાત્મિક વિકાસને રૂંધે છે. તેઓ આધ્યાત્મિક પ્રગતિનાં માર્ગમાં પથ્થરરૂપ છે. જયારે જયારે તમે નકામાં વિચારોને પોષો છો ત્યારે ત્યારે તમે ઈશ્વર સંબંધી દિવ્ય વિચારોને સ્થાન આપો.

આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરી વિકાસ સાધવા માટે ઉપયોગી સંકલ્પો એ સીડી રૂપ છે. મનને જુની ટેવરૂપી ચીલે ચીલે ચાલતાં ને માર્ગે સ્વચ્છંદીપણે ભટકતાં અટકાવો. બહુ સંભાળપુર્વક આનું નિરીક્ષણ કરો.

બધા પ્રકારનાં હલકા, બિનઉપયોગી, અધમ, અશુદ્ધ, સંકલ્પો, બધા જાતિ વિષયક સંકલ્પો, તેમજ ઈર્ષા ધૃણા, સ્વાર્થ વગેરેનાં સંકલ્પોને તમારે આત્મનિરીક્ષણ દ્વારા દુર કરવા જ પડશે.

વિસંવાદીને વિરોધી એવા બધા વિનાશક સંકલ્પોનો નાશ કરવો જ જોઈશે. તે માટે તમારે હંમેશા શુદ્ધ, સારા, પ્રેમાળ, ભવ્ય ને દિવ્ય સંકલ્પોને ઉતેજન આપવું જોઈએ. તમારો પ્રત્યેક સંકલ્પ વિધાયક, સબળ ચોકકસને હકારાત્મક હોવો જોઈએ.

માટે સ્પષ્ટ ને સુરેખ છાપવાળો દરેક સંકલ્પો કરો. તમારા પ્રત્યેક સંકલ્પથી બીજાને શાંતિ ને દિલાસો પ્રાપ્ત થવા જોઈએ. દુઃખ કે અસંતોષ તો જરા પણ ન થવાં જોઈએ. તો જ પૃથ્વી પરનું તમારૂં જીવન ધન્ય કહેવાય. તમે આ દુનિયા પર મહાન શકિત છો કારણ તમે અનેકને મદદ કરી શકો તેમ છો.

હજારોને નીરોગી બનાવી શકો તેમ છો, અને ઈસુ ખ્રિસ્ત ને બુદ્ધની માફક અનેક માણસોને આધ્યાત્મિક માર્ગે વાળી ઉન્નત કરી શકો તેમ છો, જેવી રીત તમે બગીચામાં મોગરો, ગુલાબ, કમળ, હોનોલુલુ, વગેરે ફુલ દયા, ભલાઈ, પવિત્રતા વગેરેનાં શાંત વિચારોને કેળવવા જોઈએ. આ મનરૂપી બગીચાને તમારે ધ્યાન ને વિચારોરૂપી પાણી સીંચવું જોઈએ. તેમ જ વિરોધી હાનિકારક વિચારરૂપી નકામું ઘાસ નીંદી કાઢવું જોઈએ.

**૧૦. બીજાનાં દોષ જોવારૂપી વિચારોને દુર કરો :**

મનનો સ્વભાવ જ એવો છે કે જેનું તે ગાઢ ચિંતન કરે છે. તેવું જ તે બની જાય છે. માટે જો તમે બીજા માણસોનાં દોષોને દુર્ગુણોનો જ વિચારો કર્યા કરશો તો તમારા મનમાં થોડા સમય માટે પણ આ દોષોને દુર્ગુણો ભરાઈ જશે.

જે મનુષ્ય આ માનસિક નિયમ જાણે છે કે તે કદી બીજાની નિંદા કરશે નહિ કે બીજાનાં ચારિત્રમાં દોષદ્રષ્ટિ રાખશે નહિ. તે બીજામાં માત્ર સારૂં જ જોશે અને હંમેશા બીજાની સ્તૃતિ કરશે. આવી ભાવનાથી મનુષ્ય ધ્યાન, યોગ ને અધ્યાત્મમાર્ગે ઝડપથી આગળ વધી શકે છે.

**૧૧. મૃત્યું વખતનાં છેલ્લા સંકલ્પ પ્રમાણે નકકી થતો પુનર્જન્મ**

મનુષ્યનો છેલ્લો સંકલ્પ તેના પછીનાં જન્મનો નિર્ણાયક બને છે. શ્રીમદ ભગવદગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે. ''મનુષ્યના અંત સમયમાં વિચાર પ્રમાણે તેનો બીજો જન્મ થાય છે. હે કૌન્તેય ! જે મનુષ્ય જે જે વસ્તુનો વિચાર કરતાં દેહનો ત્યાગ કરે છે તે મનુષ્ય તે વસ્તુનાં સતત ચિંતનથી તેને જ પામે છે.'' (અ.૮.૬)

અજામિલ પોતાનાં ધર્મનિષ્ઠ આચરણથી ભ્રષ્ઠ થઈ અધમ જીવન ગાળવા માંડયો. પાપમય જીવનનાં અંધકારમય પ્રદેશમાં અટકાવઈ જઈ તે ચોરી, લુંટ વગેરે કરવા માંડયો ને વેશ્યાનો પણ દાસ બન્યો. આ વેશ્યાથી તેને દસ સંતાન થયા. જેમાંનાં સૌથી નાનાનું નામ નારાયણ હતું.

જયારે તે મરણ પથારીએ પડયો. ત્યારે તેના મનમાં તેનાં સૌથી નાના દીકરા નારાયણના સંકલપ ધોળ ાયા કરતા હતા. તે સમયે ત્રણ ભયંકર યમદુતો અજામિલને દેખાયા. આથી ભયભીત બની અજામિલ ખુબ દુઃખમાં પોતાનાં દીકરા નારાયણનું નામ પોકારવા માંડયો.

''નારાયણ' નામનો ઉચ્ચાર થતાં જ ભગવાન શ્રીહરિનાં દૂતો એકદમ ત્યાં ધસી આવ્યાં અને યમદૂતોને અટકાવ્યા. ત્યાર બાદ તેઓ અજામિલને શ્રી વિષ્ણુંના વૈકુંઠલોકમાં લઈ ગયા.

જયારે શ્રી કૃષ્ણ ભગવાને શિશુપાલનું માથું ચક્રથી ઉડાવીા દીધું ત્યારે ભવ્ય દિવ્ય પ્રકાશયુકત શિશુપાલનો આત્મા ભગવાન શ્રીકૃષ્ણમાં લીન થઈ ગયો. દુષ્ટ, શિશુપાલે પોતાનું આખું જીવન શ્રીકૃષ્ણની નિદાંના જ ચિંતનમાં ગાળ્યું હતું. આથી મૃત્યું સમયે તેણે તેમાં જ પ્રવેશ કર્યો.

ઈયળને જયારે ભમરી ડંખ મારે છે. ત્યારે તે ભમરીનું ચિંતન કરે છે. આથી તે ભમરીરૂપ બની જાય છે. તેવી જ રીતે, જે માણસ ભગવાન શ્રીકૃષ્ણ પરમનને સ્થિર કરે છે તે પોતાનાં બધાં પાપથી મુકત થઈને તેમને જ પામે છે. જેમ કે ગોપીઓ કામથી, કંસ ભયથી, શિશુપાલ દ્વેષથી ને નારદ પ્રેમથી ભગવાનને પામ્યા.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે : 'જે પુરૂષ એકધારૂ મારૂં ચિંતન કરતાં મને સદા રટયા કરે છે. એવા યોગી જેનું લક્ષ અખંડ મારામાં ચોટેલું છે, તેને હું સુલભ છું. આવી રીતે મને પામીને ઉચી સિદ્ધિએ પુરી રીતે પામેલા પુરૂષો ફરી દુઃખની ખાણરૂપ એવી જન્મમરણની પરંપરા પામતા નથી. બ્રહ્મલોક સુધી ગતિ પામેલાઓ પણ કદી આ પૃથ્વી પર પાછા જન્મે છે. પણ હે અર્જુન ! જેઓ મને પામે છે. તેઓ ફરી આ લોકમાં જન્મતા નથી.'' (અ.૮,૧૪,૧૫,૧૬)

આવી રીતે સંસારનાં બધાં કાર્યો કરવા છતાં જેનું મન સતત ભગવાનનું જ ચિંતન કર્યા કરે છે. તેને મૃત્યુકાળે પણ સ્વભાવિક રીતે ભગવાનનો જ સંકલ્પ થશે. વળી શ્રીકૃષ્ણ કહે છે. ''જેનું મન આવી રીત સતત યોગમુકત રહે છે. તે બીજા કોઈ વિધ્નથી ચલિત થયા વિના દિવ્ય પ્રકાશયુકત પુરૂષોતમ ભગવાનને પામે છે.''

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

૨૧૧. જીવનને એવું બનાવી લો કે મૃત્યુના સમયે ભગવાનની યાદ રહે.

૨૧૨. પાપને ટાળો, પુણ્ય કર્મને તરત કરો.

૨૧૩. જન્મોજન્મનાં સંચિત સંસ્કારોથી પાપની પ્રેરણા થાય છે.

૨૧૪. મનને એકાગ્ર કરવા એકાંતમાં રહેવાની જરૂર છે. એકાંતમાં ઈશ્વર ભજન કરો.

૨૧૫. જેનું મરણ સમીપ આવ્યું હોય તે ઘર છોડી દે.

૨૧૬. યોગને જો ભકિતનો સાથ ન હોય, તો તે યોગી રોગી બને છે.

૨૧૭. નિર્ગુણમાં નિષ્ઠા ન થાય ત્યાં સુધી મનનાં રોગદ્રેષ જશે નહિ.

૨૧૮. ધ્યાનમાં મન શુદ્ધ નહિ હોવાથી આનંદ આવતો નથી.

૨૧૯. જગત બ્રહ્મરૂપ છે એમ નહી માનો ત્યાં સુધી રાગ દ્વેષ જશે નહી.

૨૨૦. કોઈનું અપમાન ન કરો.

# જ્ઞાનમંજરી

(૧૩૧) ગુજરાતનાં ઈતિહાસનાં અશોક તરીકે કયા રાજાને ઓળખવામાં આવે છે ?– કુમારપાળને

(૧૩૨) પ્રાચીન સમયમાં ગુજરાતમાંથી કઈ વિદ્યાપીઠની નામનાં દેશ – વિદેશમાં હતી ? – વલ્લભી વિદ્યાપીઠ

(૧૩૩) ગાંધીજીએ ભારતમાં આવી પ્રથમ આશ્રમ કયાં સ્થાપ્યો હતો?– કોચરબ.

(૧૩૪) ૧૮૬ માંદાંડિયો પાક્ષિક કોણે શરૂ કર્યુ ? : – નર્મદ.

(૧૩૫) અભય ઘાટ કોની સમાધિ છે ? : મોરારજી દેસાઈ.

(૧૩૬) પ્રથમ ગુજરાતી ફિલ્મ કઈ છે ? : નરસિંહ મહેતા.

(૧૩૭) બુદ્ધિ પ્રકાશ કઈ સંસ્થાનું મેગેઝિન છે ? : ગુજરાત વિદ્યાસભા.

(૧૩૮) ગુર્જરોની રાજધાની કઈ હતી ? : ભિલમાલ.

(૧૩૯) ગુજરાતની પ્રથમ મસ્જિદ કયાં બંધાઈ હતી ? : – ગાંધાર.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## ઋણાનુબંધ

પર્વતમાંથી નીકળતી નદીમાં મોટી ભેખડ તુટી પડે, તેનાં પથરા થાય, પાણીમાં તણાતા તણાતા તે તુટતા જાય અને સરિતા સાગર સુધી પહોંચે ત્યાં સુધીમાં રેતીનાં લાખો કણ બની વેરવિખેર થઈ જાય.

ચોમાસામાં ગાંડી બનીને ધૂણતી નદીમાં સૂક્કા લાકડા તણાય, અથડાય, ભટકાય... ને છુટા પડે...

બસ આવું જ કંઈક આ સંસારમાં થતું હોય એમ નથી લાગતું ? કોણ નાનપણમાં સોથ હતા, આજે કોણ કયાં છે ? આને જ આધ્યાત્મિક પરિભાષામાં ''ઋણાનુબંધ'' કહે છે.

ગમે ત્યાં હોય, સાચા સ્નેહનો સાદ જરૂર ખેંચી લાવતો હોય છે જ.

# સીંગલ ચાઈલ્ડ પરેન્ટ

માત્ર એક જ સંતાન ઉપર પોતાના પરિવારનું ભવિષ્ય નિર્માણ કરવાની મહત્વાકાંક્ષા અને એટલામાં જ સંતોષ માનનારા દંપતિઓની સંખ્યા હવે વધતી જાય છે.

એક જ બાળક હોવાના કારણે ભવિષ્યમાં એ બાળકને જે સંતાનો થાય એને કાકા અને કાકી નહીં હોવાના,ફઈબા કે ફુવા નહિ હોવાના, મામા–ફઈના ભાઈ–બહેન નહિ હોવાના, એ એકના એક સંતાનને પોતાના પણ ભાઈ–ભાભી કે બહેન બનેવી નહી હોવાના? પરિવારનો એક વિસ્તુત થતો જતો આખો વિશાળ વડલો આ એક જ સંતાનની આધારશીલાની નીચે છુપાઈ જવાનો, એટલે મોટા થયા પછી એ એકના એક બાળકને સગા–વ્હાલાઓના વ્હાલાઓના વ્હાલથી વીંટળાઈને વિકસવાનો જે મોકો અન્યોને મળતો હોય છે તે નહિ મળવાનો. આગળના વારેને પ્રસંગે પણ ઉપર વર્ણવી તે આંગણે આવનારી આખી હર્ષઘેલી સભાનો અભાવ વર્તાવાનો. આવા સંજોગોમાં પણ એકના એક બાળકના માતા–પિતાની એ જવાબદારી બની જાય છે. કે પોતાના બાળકને પોતાના તરફથી મળતું વ્હાલ એની પરિપૂર્તિ માટેનો મિત્રવર્તુળ અને અન્ય કુટુંબીઓનો સમાજ એની સાથે અનુબંધ કેળવતો રહે. એ જરૂરી નથી કે ભાંડરડાઓ તરફથી મળતું વ્હાલ એક જ મકાનના છત્ર નીચે મળે, સમાજનાં વિવિધ પરિવારોમાંથી પણ વહાલપનું વહેણ આપના આંગણે વહેતુ રહે.

# આપણો ગરવો ગિરનાર



ગુજરાતમાં સૌથી ઊંચો પહાડ ગિરનાર છે. એની આથી પણ વિશેષ મહત્તા છે. એ ઉંમરમાં સૌથી મોટો છે. સૌથી વધુ દેવી–દેવતાનાં અહીં સ્થાનક છે. સમ્રાટ અશોકથી માંડીને નરસિંહ મહેતા સુધી અનેકનાં સ્મરણો સંઘરીને એ બેઠો છે. આપણા બે પર્વતો – હિમાલય અને ગિરનાર, તે પૈકી – અનુક્રમે પહેલો; ઊંચાઈમાં મોટો અને બીજો ઉંમરમાં મોટો. લીલી નાઘેરથી લસલસતો; ૧૬ કરોડ વર્ષોથી અડીખમ ઊભો છે; આ ગરવો ગિરનાર. કહેવાય છે કે ૩૩ કરોડ દેવી–દેવતાઓ, નવનાથ, ૬૪ જોગણીઓ અને ૮૪ સિધ્ધોનાં બેસણા છે ગિરનારે.

પર્વત તરીકે તેનું એક જ નામ છે ગિરનાર; પણ ખરેખર તો તેમાં નાની–મોટી, ઉંચાઈ ધરાવતી, શિખરોવાળી, અનેક ગિરિમાળાઓની હારમાળા છે. આ હારમાળા પૈકીના પ્રત્યેક પહાડના શિખરને લોકવાણીમાં ‘ટૂંક’ કહે છે. પ્રત્યેક ટૂંક પર અલગ–અલગ આસ્થાકેન્દ્રનાં થાનકો છે.

દા.ત., અંબાજીની ટૂંક, દાતારની ટૂંક.

હિમાલયની સૌથી ઊંચી ટૂંક ગૌરી શિખર છે જયારે; ગિરનારમાં ગુરૂ દત્તાત્રેય એટલે કે દાતારની ટૂંક સૌથી ઊંચી છે. જે દાતા (૨) હોય તેનું સ્થાન ઊંચું જ હોય ને ?

ગિરનાર એટલે અલખ નિરંજનનો ઓટલો. અલગારી ઓલિયા; પીર–પીરાણાં, અવધૂતો, અઘોરિયો, માંત્રિકો– તાંત્રિકો, ખાખીઓ, સિધ્ધો–સંતો, હરિભકતો, ફકીરોના સેવાશ્રમો, જિનાલયો – સૌને ગિરનારે અંતરના ઉમળકે આવકાર્યા, વધાવ્યા, સમાવ્યા; એટલું જ નહિ, પણ એક જુનવાણી, આખેઆખા મોટાનગર–જૂનાગઢને પોતાની ગોદમાં ગમાડયું, રમાડયું અને અંતરના ઉચ્છરંગે, આબાદ ઉછેર્યું. નરસૈયાએ કરતાલનાં તાલે જૂનાગઢને જગ–જાહેર કરી દીધું.

ગિરિ તળેટી, કુંડ દામોદર ત્યાં મહેતોજી ન્હાવા જાય.’

લાખો શ્રદ્ધાળુઓ, હામભર્યા હૈયે અને બળભર્યા ચરણે; પાંચ દિવસ લગી જેની પ્રદક્ષિણા (પરિક્રમા) કરતાં હોય તેવો; કદાચ, વિશ્વભરમાં આ એક ગિરનાર હોઈ શકે. કારતક મહિનાની સુદ અગ્યારસથી પૂનમ સુધી, અનેક વર્ષોથી આજદિન સુધી; પ્રતિવર્ષ; અખંડ ચાલતી પરિક્રમામાં; પ્રભુને પોકારતાં; સાથી–પદયાત્રીઓ ‘જય ગિરનારી’ના જયઘોષ સાથે; પ્રેરક પડકારા કરતા–કરતા, કેડીઓ કંડારતા, આવા ભાવિકોનાં સ્નેહ–સાદની સામે, પહાડોમાંથી હરિવરનાં હોંકારાના પડઘારૂપી પ્રતિસાદના પ્રસાદને તો જેણે માણ્યા તેમણે જાણ્યા ! પૂજનીય જીણાબાવાની મઢીથી બોરદેવી સુધીની ૩૬ કિલોમિટર સુધીની આ ન ભૂતો ન ભવિષ્યતિ જેવી ભવ્ય ભાવ–યાત્રા.

સોરઠ ધરા સોહામણી, ઊંચો ગઢ ગિરનાર સાવજડાં સેંજળ પીએ, નમણાં નર ને નાર.

આ દુહા અંતર્ગત ‘સાવજડાં’ અને ‘નમણા નર ને નાર’ આ બે શબ્દસમૂહો સંબંધે કહેવું છે કે, સૌ જાણે છે તેમ; સમગ્ર એશિયામાં કેવળ અહીં જ સિંહો સુરક્ષાસહ શ્વસે છે અને સંચરે છે. અહીંનાં નર–નારી નમણાં (સૌંદર્યખચિત) તો છે જ, સાથોસાથ નીડર પણ છે. સિંહોના ઘરમાં, ઘર બાંધીને (નેસડા વસાવીને) રહેતા માલધારી મસલ્સધારી (બાહુબલી અને રૈયાબલી) ન હોય તો કેમ જીવે ? આવા પશુપાલક, દેવીપુત્રની મહાબલિષ્ઠા દીકરી એટલે ચૌદ વરસની ચારણ (કન્યા અને રાષ્ટ્રિય શાયર સ્વ.મેઘાણી–આ બંનેને ગિરનાર–ગાથા વેળાએ ના સંભારીએ તો નગુણા જ ખરા ને? જયાં સિંહોનું સામ્રાજય છે એવી ગરની ગાળીઓમાં, રાત–દિ ડણકું દેનારા વનરાજને પડકારી, ભય પમાડી, ભુસેટીને ભગાડનારી; કેવળ હાથમાં દોઢ ફૂટનો દંડીકો પણ; હૈયામાં હિમાલય સરીખી હિંમત ધરાવતી; ચારણકન્યા નમણી, નીડર અને ગૌરવવંતી ગિરની બાળા છે.

સોરઠ ધરાના મનનું, માનીતું માદળિયું અને હૈયાનો હાર તો ઘેલુડી–ગરવી ગુજરાતના ગળામાં લાડકાઈથી ઝૂમતા, રમતા, ફુમતા જેવો છે આ ગિરનાર. ગિરનારની પણ ગરિમામાં ચાર ચાંદ લગાડી તેવા, ત્યાં વસનારા રહસ્યદર્શી દેવપુરૂષો (જેમની આંતરિક–કક્ષા રૂખડ છે તેવા) બાબતે એક કવિની ગઝલ–કણિકા :

ખાય ખોંખારો રૂખડ; ગિરનાર આખો ધણધણે

પુરાણાનુસાર; સ્વયંભુ મનુ મહારાજના પુત્રનું નામ રૈવતક છેતો ગિરનારનું નામ પણ રૈવતક છે, જયાં સમ્રાટ અશોકે બૌદ્ધધર્મનું જ ગાન કરતો શિલાલેખ ખોડયો, જયાં સુદર્શન સરોવરને સાચવવા સાવધાનીથી ઊભો છે ગિરનાર. કોઈ એક કાળે, જૂનાગઢને રાજધાની (પાટનગર) બનાવવાની સલાહ, આચાર્ય ચાણકયે ચંદ્રગુપ્તને આપેલી.

અહીં કોઈ સદ્ભાગી શ્રદ્ધાળુને; કોઈ શુભ–શુકનના ચોઘડિયે, ગોપીચંદ, ગુરૂ દત્તાત્રેય, અત્થામા કે ભેખધારી ભરથરીનો ભવ્ય ભેટો પણ થઈ જાય છે.

મા પડ મા પડે, મારા આધાર ! તારા ચોસલા કોણ ચડાવશે ?’

રણચંડી રાણકદેવીના આગઝરતા આ દુહાથી ખળભળી ઊઠેલા, આ ગિરિવરે સતીના સતનું સન્માન કરી શિલાઓ થોભાવી દીધી; જે ‘‘રાણકદેવીના થાપા’’ નામે પાયલાગણીય મોજૂદ છે.

સદ્નસીબે; આપણી વચ્ચે, આજે પણ હૈયાત, જૈફવયના, જેની ફરફરતી ઘેઘૂર – ધવલરંગી દાઢી, પિતામહ ભીષ્મની યાદ અપાવે તેવી છે તેવા; ગિરનારી કવિ; આદરણીય રાજેન્દ્ર શુકલના એક ગઝલ સંગ્રહનું શીર્ષક જ છે : ''ઘર આઈ ગિરનારી છાયા'' તેમાંથી તેમનું થોડુંક સાંભળીશું ?

(૧) હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક, તળેટી સમીપે, હજો કયાંક થાનક‘

(૨) આંગન આંગન અલખ જગાયા; ચેત મછંદર ગોરખ આયા; જાગો રે જનનીના જાયા, ગોરખ આયા.’

(૩) ચડો ચાખડી પવન પાવડી, જય ગિરનારી.

ઉત્તરપ્રદેશના પ્રવર્તમાન સી.એમ. આદિત્યનાથના ગુરૂ ગોરખનાથનો ધૂણો જાળવ્યો છે ગિરનારે. જેનાં માથે સમરથ સદ્ગુરૂના ચારેય હાથ હોય એવા શિષ્યના ગુરૂનો પણ ગુરૂ છે આ ગિરનાર.

અહીં, અત્યારે, આ લખનારના અંતરમાં આ બધા ઓતપ્રોત, ઓળ ઘોળ કે એકરસ થઈ ઊછળે મોજે દરિયા : ગઢ જૂનો; નવનાથ, નરસૈયો ને જય ગિરનારી.

ગિરિરસનાં અમી ઘૂંટડા આ રહ્યાં થોડાંક :– સંધ્યા ટાણે શંખ ફૂંકાય અને ઝણઝણે છે ઝાલરી–ગિરનારમાં ત્યારે;

ધુરંધરોનાં ધૂણાનો ધુમાડો, ઘુમ્મરીએ ચડે છે.

ચેત મછંદર કહેતા નાથ ગોરખનો ચીપીયો પછડાય છે ત્યારે; ચમચમતી ચાંખડીઓમાંથી રણઝણ પટાક, રણઝણ પટાકનો મંગલ રવ સંભળાય છે.

ભવ્ય ભેખડોના પથ્થરો પરથી પરોઢિયે પ્રભાતિયાં પડઘાય છે.

– દૂધાળાં માલઢોર વચાળે અડાબીડ અશ્વો હણહણે છે ગિરનારમાં

– માલધારીઓના નેહડામાં અને બાવાજીઓની મઢીઓમાં હોકા ગડગડે છે.

– વાદળે અડી વાતું કરતી; ધરમ ધજાઓ ઘણી ફડફડે છે.

– અલખનો અહીં અમલ કસૂંબલ, છે ગિરનારી ભેખડ, ભોંયરા, ભગવી ભભૂતિ, છે ગિરનારી. અણધાર્યા આવી મળે અલગારી, છે ગિરનારી

– જગ આખું ઝંખે, ઓ ગિરનારી ! – તારી ધોળી ધજાની બલિહારી ! જય ગિરનારી !

**(કૃપા સંસ્પર્શ : વિષ્ણુ પંડયા)**

**૧૬, રઘુવીરનગર, ધ્રાંગધ્રા – ૩૬૩૩૧૦ જિ.સુરેન્દ્રનગર.**

# આ મારું ચિત્ર છે



**શિક્ષિકાબેન–અગ્રાવત રિયાબેન**
(રૂપાયતન–અમરેલી)



**રાણવા વંશ જનકભાઈ**
(ધોરણ–૭–બ–રૂપાયતન, પ્રા.શાળા, અમરેલી.)



**કરન**
(ધોરણ–૫–રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.)



**અગ્રાવત ધન્વી મેહુલભાઈ**
(ધોરણ–રૂ–રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)

# રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનું ગુજકોમાસોલ ખાતે સ્વાગત કરતા દિલીપ સંઘાણી












ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિ. (ગુજકો માસોલ)ની ગાંધીનગર સ્થિત વડી કચેરીની મુલાકાતે પધારેલ ગુજરાત રાજયનાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનું સંસ્થાનાં ચેરમેન દિલીપ સંઘાણી, વાઈસ ચેરમેન બિપીનભાઈ પટેલ (ગોતા) અને સી.ઈ.ઓ. દિનેશભાઈ સુથારે સ્વાગત કર્યુ હતું. બાદમાં સરદાર જયંતિ નિમિતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ રાજયપાલએ કચેરીની મુલાકાત લઈ કર્મચારીઓ સાથે સંવાદ કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. ત્યારબાદ મહામહિમ રાજયપાલએ ગુજકો માસોલની બોર્ડ બેઠકમાં હાજરી આપી. જેમાં સંસ્થાનાં ચેરમેન, વાઈસ ચેરમેનએ તેઓનું મોમેન્ટોથી સ્વાગત કર્યુ હતું અને તમામ ડિરેકટરઓએ પુષ્પગુચ્છથી રાજયપાલને આવકાર્યા હતા. પોતાનાં સ્વાગત પ્રવચનમાં ચેરમેન દિલીપ સંઘાણીએ રાજયપાલનું શાબ્દિક સ્વાગત કરી સંસ્થાની પ્રવૃતિ વિશે તેમજ ભાવિ આયોજન વિશે માહિતગાર કર્યા હતા. ત્યારબાદ રાજયપાલએ બોર્ડ બેઠકમાં પ્રાકૃતિક કૃષિ વિશે માર્ગદર્શન આપી સૌને આ કાર્યમાં જોડાવવા આહવાન કર્યુ હતું. વધુમાં ગુજકોમાસોલની પ્રગતિ બદલ આનંદની લાગણી વ્યકત કરી ચેરમેન, વાઈસ ચેરમેન તથા બોર્ડનાં સભ્યઓને અભિનંદન પાઠવ્યા હતા. પોતાનાં અત્યંત વ્યસ્ત સમયપત્રક વચ્ચે સંસ્થાની મુલાકાત લઈ કર્મચારીઓનો ઉત્સાહ વધારવા બદલ અને બોર્ડને માર્ગદર્શન આપવા બદલ રાજયપાલનો વાઈસ ચેરમેનએ સંસ્થા વતી આભાર વ્યકત કર્યો.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં આદસંગ ગામે

ફેલાયો હતો. આ અંગે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને જાણ કરવામાં આવી હતી.

આ અંગે ધારાસભ્યએ વન વિભાગને તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જવા આદેશ આપતા વન વિભાગ ઘટના સ્થળે પહોંચી ગયેલ હતો અને આ માનવભક્ષી સિંહને પીંજરે પુરવા કાર્યવાહી હાથ ધરી છે.

આ લખાય છે ત્યારે વન વિભાગ ઘટના સ્થળની આજુબાજુમાં પીંજરા ગોઠવી સિંહની શોધખોળ આદરી હતી અને ઢળતી સંધ્યાએ વનવિભાગે રેસ્કયુ ઓપરેશન હાથ ધરી અને માનવભક્ષી બનેલા ડાલામથ્થા સિંહને ટ્રાંગ્યુલાઈઝ કરી બેભાન કરી સિંહને પીંજરે પુરવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે દીપડો બિલ્લીપગે આવી અને બાળકો તથા દુધાળા પશુઓ ઉપર હુમલાઓ કરતાં હોય છે. જયારે સિંહ આવા પ્રકારનાં હુમલા કરવા પાછળ ખાસ કોઈ કારણ હોય શકે અથવા તો સિંહને કોઈએ છંછેડેલ હોય અથવા સિંહની માનસિક હાલત બરાબર ન હોય ત્યારે જ સિંહ આવી રીતે હુમલો કરતો હોય છે. ત્યારે સિંહ પીંજરે પુરાયો છે ત્યારે વિશેષ તપાસ વન વિભાગ ધ્વારા કરી આગળની કાર્યવાહી હાથ ધરશે.


## જાહેર નોટિસ

**મોજે–ટોડા, તા. લાઠી, જી. અમરેલી. ખાતા નં. ૩૩૮**
**રે.સ.નં. ૩૬૪ (જુનો સર્વે નં. ૧૫/૧ પૈકી ૧/ પૈકી ૧/ પૈકી ૧, હેકટર ૧–૨૯–૪૬)**
**રે.સ.નં. ૩૬૯ (જુનો સર્વે નં. ૧૫/૧ પૈકી ૧**
**રે.સ.નં. ૩૬૫ (જુનો સર્વે ૧૫/૧ પૈકી ૧/ પૈકી ૧**

અમો કે.વી. કેસરીયા (એડવોકેટ) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે ટોડાના ખાતા નં. ૩૩૮ વાળી જમીન મોવલીયા વસંતભાઈ બાવાભાઈ વિગેરે ઉના નામે તથા ખાતા નં. ૩૩૮ વાળી જમીન આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની અને કબ્જા ભોગવટાની છે અને બોજારહીત છે અને બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીને અવેજની રકમ ચુકતે લઈ વેચાણ આપવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકિય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ / ખેતી / ગણોત / લીઝલાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે વારસાઈ હકક–હિત સમાયેલ હોય કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તાએ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈજ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરિયાદ કે વિવાદ ચાલશે નહી.

તારીખ : ૨૧/૧૨/૨૦૨૧
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

કે.વી. કેશરીયા
એડવોકેટ


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૨૯૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૭૯ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૬૧૫ |
| ૪ | તલ કાળા | ૨૦૦૦ | ૩૫૩૫ |
| ૫ | બાજરો | ૩૫૫ | ૪૬૦ |
| ૬ | જુવાર | ૧૦૦૫ | ૧૨૩૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૯ |
| ૮ | ઘઉં લોકવન | ૫૧૮ | ૫૯૧ |
| ૯ | અડદ | ૧૩૦૦ | ૧૮૯૦ |
| ૧૦ | ચણા | ૭૦૦ | ૧૨૯૭ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૬૦ | ૧૧૧૨ |
| ૧૨ | કપાસ | ૯૮૫ | ૧૪૯૮ |
| ૧૩ | એરંડા | ૧૦૧૫ | ૧૦૯૦ |
| ૧૪ | જીરૂ | ૪૬૦૦ | ૭૬૦૦ |
| ૧૫ | ધાણા | ૯૭૫ | ૧૩૪૫ |
| ૧૬ | મેથી | ૧૧૨૦ | ૧૨૦૦ |
| ૧૭ | સોયાબીન | ૬૪૦ | ૯૬૭ |
| ૧૮ | રજકાનું બી | ૧૫૦૦ | ૪૩૭૫ |

પાના ૮ ઉપરનું ચાલું

## અપમૃત્યુનાં કિસ્સામાં પાંચના મોત

બળતરાની બીમારી હોય જે અંગે દવા શરૂ હોય તેમ છતાં સારૂ ન હોય. જેથી વૃધ્ધાએ કંટાળી પોતે પોતાની મેળે રહેણાંક મકાનમાં કેરોસીન છાંટી લઈ અગ્નિસ્નાન કરી લેતા વૃધ્ધાનું મોત નિપજયું હતું.

જયારે બીજા બનાવમાં બાબરા તાલુકાનાં જામબરવાળા ગામે રહેતા કૈલાસબેન વશરામભાઈ રાઠોડ નામનાં ૫૦ વર્ષિય મહિલાની દીકરી કોઈની સાથે ભાગી ગયેલ હોય. જેથી આ મહિલાને લાગી આવતા તેણીએ પોતાની મેળે ઘઉંમાં નાખવાનો પાઉડર પી જતાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

ત્રીજા બનાવમાં લીલીયા તાલુકાનાં કુતાણા ગામે રહેતા વસંતબેન હસમુખભાઈ હિરપરા નામના ૪૫ વર્ષિય મહિલાથી પોતાના ઘરનું કામકાજ થતું ન હોય. જેથી તેણીને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે કોઈ ઝેરી દવા પી જવાથી તેમને સારવારમાં ખસેડયા બાદ તેણીનું મોત નિપજયાનું લીલીયા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ચોથા બનાવમાં ધારી તાલુકાનાં ભાડેર ગામે રહેતા જેન્તીભાઈ મોહનભાઈ જાદવ નામનાં ૩૫ વર્ષિય યુવક પોતાના ઘરે દૂધમાં બદામ નાખવા માટે થઈ બદામનો ભુકકો કરતા હોય. બદામનાં બદલે ભુલથી બાજુમાં પડેલ ઘઉંમાં નાખવાનાં ટીકડાનો પાઉડર પી જતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

જયારે પાંચમાં બનાવમાં અમરેલીનાં જેશીંગપરા વિસ્તારમાં રહેતા હરેશભાઈ રમણીકભાઈ માંગરોળીયા નામનાં ૪૮ વર્ષિય ખેડૂત પોતાની વાડીમાં એરંડાનું વાવેતર કરેલ હોય. જે એરંડામાં પાણીની ઈલેકટ્રીક મોટર ચાલું કરી પાણી વાળતા હતા. ત્યારે ઈલેકટ્રીક મોટરનો વાયર છુટો પડી જતાં અને મોટર બંધ થઈ જતાં તેમણે ઈલેકટ્રીક વાયર સરખો કરવા જતાં અકસ્માતે ખેડૂતને ઈલેકટ્રીક શોક લાગતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૪ | ૧૪૭૨ |
| ૨ | મગફળી | ૧૧૨૮ | ૧૨૮૮ |
| ૩ | ચણા | ૯૦૧ | ૯૦૧ |
| ૪ | સોયાબીન | ૮૯૬ | ૮૯૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૦ | ૧૫૧૫ |
| ૨ | મગફળી | ૧૧૧૫ | ૧૨૯૫ |
| ૩ | તલ સફેદ | ૨૬૩૦ | ૩૩૮૦ |
| ૪ | અડદ | ૧૬૭૦ | ૧૯૦૦ |
| ૫ | ઘઉં | ૪૬૦ | ૫૫૦ |
| ૬ | ચણા | ૯૨૨ | ૧૧૪૮ |
| ૭ | સોયાબીન | ૮૯૮ | ૯૩૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૨૫ | ૧૪૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૦૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૩૦ | ૩૩૨૧ |
| ૪ | તલ કાળા | ૩૧૧૦ | ૩૨૭૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૮૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૦૫ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૪૭૩ |
| ૯ | જુવાર | ૫૨૨ | – |
| ૧૦ | મકાઈ | ૪૬૦ | – |
| ૧૧ | અડદ | ૧૪૦૦ | ૨૧૫૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૩૫૪ |
| ૧૩ | સોયાબીન | ૮૫૦ | ૯૬૬ |
| ૧૪ | ધાણા | ૧૦૮૬ | – |

પાના ૮ ઉપરનું ચાલું

## ફટાકડાનાં સ્ટોલ માટેનાં જાહેરનામાની

માણસો ભોગ બને ત્યારબાદ જ જવાબદાર તંત્ર દોડતું થાય છે અને બનાવ બની ગયા પછી જે તે જવાબદારોને પકડીને યોગ્ય સજા કરવાની ફીશીયારીઓ મારવામાં આવે છે. પરંતુ જે વસ્તુ જગ જાહેર હોય દરેક સામાન્ય માણસને પણ ખબર પડે કે કોઈપણ શૈક્ષણિક સંસ્થાની અંદર આટલા મોટા પ્રમાણમાં દારૂગોળાનો સંગ્રહ થવા દેવો એ પ્રથમ દ્રષ્ટિએ જ ગંભીર બેદરકારી છે.

દર વર્ષે સાવરકુંડલામાં વ્યાયામ મંદિરના મેદાનમાં જયાં બાલમંદિરથી ૧૨ ધોરણ સુધીની એમ.એલ. શેઠ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ આવેલી છે. ત્યાં ૪૦ થી ૫૦ જેટલા ફટાકડાના સ્ટોલ એક મહિના સુધી લગાવવામાં આવતા ચાલુ વર્ષે આ ફટાકડા બજાર નુતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલના પટાંગણમાં ફેરવવામાં આવેલ છે. હવે જે.વી. મોદી હાઈસ્કૂલમાં ધો. ૯ થી ધો. ૧૨ સુધીના સેંકડો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને એ અભ્યાસ સમય દરમિયાન જ તદ્દન અડીને આવેલા મેદાનમાં આખી ફટાકડા બજાર ઊભી કરવામાં આવી છે. આ ફટાકડા બજારમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ફટાકડાનો એટલે કે દારૂગોળાનો સંગ્રહ થયેલો છે તો જો કોઈ અકસ્માતે ચાલુ શાળા દરમિયાન આગનો બનાવ બનશે તો વિદ્યાર્થીઓના જાનમાલને કંઈ પણ નુકસાન થશે તો કોણ જવાબદાર...?! નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓએ પોતાના વિદ્યાર્થીઓના જાનમાલના ભોગે ટૂંકા સમયમાં ધંધો કરી ફટાકડા સ્ટોલ માલિકો પાસેથી સારી એવી રકમ ભાડાની મળે એવી લાલચમાં હજારો વિદ્યાર્થીઓની સલામતીને જોખમમાં મૂકી દીધેલ છે. આ ફટાકડા સ્ટોલ બજાર કરવા માટે જિલ્લા કલેકટર અમરેલી, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, ફાયર ઓફિસર, અમરેલી વગેરેની મંજૂરી લેવાની હોય છે.

તો આ તમામ અધિકારીઓ એક શૈક્ષણિક સંસ્થા હોવા છતાં કયાં નિયમોને નેવે મૂકીને ફટાકડા બજાર શૈક્ષણિક સંસ્થાના ગ્રાઉન્ડમાં મંજૂરી આપે છે અને આ ગ્રાઉન્ડ પણ તદ્દન નાનું છે બહાર નીકળવા માટે ફકત એક જ દરવાજો છે ગ્રાઉન્ડ અડીને તરત જ તમામ કલાસરૂમ આવેલા છે. શાળાઓમાં દિવાળી વેકેશન તો ધનતેરસથી શરૂ થતું હોય છે, જયારે આ સ્ટોલ તો શરદપૂનમ પછી તરત જ ગોઠવાઈ જાય છે. મોટાભાગનાં સ્ટોલ માલિકો ફાયરની વ્યવસ્થા શોભાના ગાંઠિયા સમાન રાખતા હોય છે, ફાયર ઈન્સ્ટીગ્યુશરની જો જીણવટભરી તપાસ કરાય તો મોટાભાગે એકસપાયર થઈ ગયેલા નીકળે.

સાવરકુંડલાના એક જવાબદાર નાગરિક તરીકે વ્હિસ્સલ બ્લોઅર પ્રતાપભાઈ ખુમાણ દ્વારા આ જાહેર પત્રથી વિનંતી કરવામાં આવેલ છે કે સાવરકુંડલામાં અસંખ્ય એવા સાર્વજનિક ગ્રાઉન્ડો આવેલા છે જેમાં ખૂબ જ સલામતીની દ્રષ્ટિએ આવા ફટાકડા સ્ટોલની બજાર કરી શકાય એમ છે. જેમાં નગરપાલિકાનું પોતાનું કચેરીનું પ્રેસ ગ્રાઉન્ડ પણ જબરજસ્ત છે. આ ઉપરાંત મહુવા રોડ ઉપર આવેલ નગરપાલિકા સંચાલિત ઓપન એયર થિયેટરમાં પણ ઘણી મોટી જગ્યા આવેલી છે, અમરેલી રોડ ઉપર ખાતરવાડીની જગ્યા પણ ઉપયોગમાં લઈ શકાય. આ ઉપરાંત હાથસણી રોડ ઉપર આંખની હોસ્પિટલનું ૨૫ વીઘા જેટલું વિશાળ ગ્રાઉન્ડ તમામ સલામતીની દ્રષ્ટિએ પણ ખૂબ જ સેફટીવાળું છે તો સાવરકુંડલાનાં નાગરિકો કે વિદ્યાર્થીઓ, બાળકો આવી કોઈ દુર્ઘટનાનો ભોગ બને તે પહેલા જવાબદાર સત્તાવાળાઓએ આ બાબતે આગોતરા સલામતીને ધ્યાનમાં રાખીને પગલા ભરવા જોઈએ.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૯ |
| ૨ | ચણા | ૧૦૯૫ | ૧૧૯૦ |
| ૩ | તલ કાળા | ૩૩૫૦ | ૩૩૫૦ |
| ૪ | સોયાબીન | ૮૭૬ | ૯૨૪ |
| ૫ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૫૦૦ |
| ૬ | મગફળી | ૧૦૫૬ | ૧૨૧૦ |
| ૭ | રજકાબી | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૩૩ | ૫૬૩ |
| ૯ | મકાઈ | ૪૮૦ | ૪૮૦ |
| ૧૦ | અડદ | ૧૮૨૨ | ૧૯૫૦ |
| ૧૧ | ધાણા | ૯૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | મગ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૧૩ | શીંગદાણા | ૧૪૧૧ | ૧૪૧૧ |
| ૧૪ | લસણ | ૧૯૦૦ | ૧૯૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અજાણી મહિલા પગપાળા

થયો. ખેડુતે તાત્કાલિક તાલુકા ભાજપ મહામંત્રીને ફોન કર્યો અને માંડ માંડ બચ્યો.

પ્રાપ્ત વિગતો અનુસાર વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામનાં એક ખેડૂત પોતે ભેંસાણ ખાતે ખરીદી કરવા માટે ગયા હતા અને ભેંસાણથી પરત હનુમાન ખીજડીયા આવતા હતા ત્યારે બપોરના બે વાગ્યાના સમયે હડમતીયા અને હનુમાન ખીજડીયા ગામની વચ્ચે એક અજાણી મહિલા રોડ પર પગપાળા ચાલીને જતી હતી. ત્યારે આ ખેડૂત પોતાનું વાહન લઈને નિકળ્યા હતા તેજ સમયે રોડ પર જતી મહિલાએ ઉંચો હાથ કરી ગાડી રોકાવી અને કહ્યું કે મારે ઉકાબાપાના મંદિરે દર્શન માટે જવું છે અને હું ચાલીને થાકી ગઈ છું માટે લીફટ આપો તો તમારી મહેરબાની. આ વાત સાંભળીને ખેડૂત પોતાની ગાડીમાં આ મહિલાને બેસી જવા કહ્યું અને ઉકાબાપાનું મંદિર આવ્યું એટલે ખેડૂતે ગાડી ઉભી રાખી આ મહિલાને નીચે ઉતારી ત્યાં જ બે અજાણ્યા બાઈક સવાર ત્યાં આવી બાઈક ઉભું રાખી આ ખેડૂતને ઠપકો આપવા લાગ્યા કે તમે આ મહિલા સાથે શું કર્યુ છે વાડીમાં અંદર તમે લઈ ગયા હતા. ત્યારે આ ખેડૂતે કહ્યું કે ભાઈ આ મહિલા એકલી ચાલીને આવતી હતી અને મને ઉંચો હાથ કરી મારી ગાડી રોકાવીને મારી પાસે લીફટ માંગી હતી કે મારે ઉકાબાપાના મંદિરે દર્શન માટે જવું છે. મેં તે મહિલાને ગાડીમાં બેસીને અહીં ઉકાબાપાના મંદિરે ઉતારી છે. હું આ મહિલાને કયાંય પણ લઈ નથી ગયો પરંતુ એ બે અજાણ્યા શખ્સોએ ખેડૂત પાસે રૂપિયાની માંગણી કરી અને ધમકાવા લાગ્યા હતા. ત્યારે ખેડુતે તેના જ ગામના અને તાલુકા ભાજપ મહામંત્રીને ફોન કરી આખી વાત જણાવી અને આ અજાણ્યા લોકો મારી પાસે રૂપિયા માંગે છે. આ વાત સાંભળીને તાલુકા ભાજપ મહામંત્રીને એવું લાગ્યું કે કદાચ આ લોકો હનીટ્રેપ કરવા માંગતા હોય શકે માટે શૈલેષભાઈ ઠુંમરે કહ્યું કે ફોન એ અજાણ્યા લોકોને આપો પરંતુ એ લોકોએ ફોન પર વાતચિત કરવાની ના પાડી દીધી. બાદમાં તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમરે ફોન સ્પીકર કરાવી કહ્યું કે તમારે ફરીયાદ નોંધાવવી હોય તો વડિયા પોલીસ સ્ટેશન ખાતે આવી જાવ નહીંતર હું પોલીસને જાણ કરી ઘટના સ્થળે મોકલું છું. આવી વાત સાંભળીને એ બાઈક સવાર બે અજાણ્યા શખ્સો અને મહિલા ત્રણેય બાઈક લઈને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આમ આ ખેડૂત હનીટ્રેપનો શિકાર થતાં અટકી ગયો હતો.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **વિપુલભાઈ કાથડભાઈ ભટ્ટી** રહે. ચલાલાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી વૃંદાવન પાર્ક–૩
રે. સર્વે.નં. ૧૧૯ પૈકી બીનખેતી પ્લોટ નં. ૧૦૪/૩
જેના ચો.મી. ૬૦–૦૦
રજીસ્ટર્ડ બાનાખત નંબર : ૫૪૮૦/૨૦૨૩ રજી. તારીખ : ૨૧/૧૦/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ વિઠ્ઠલભાઈ પરશોતમભાઈ સેંજલીયાનાં કુલમુખત્યાર હિંમતભાઈ પરશોતમભાઈ સેંજલીયા પાસેથી રજી. બાનાખતથી વેચાણ રાખેલ છે. જે અંગેનું રજીસ્ટર કુલમુખત્યારનામું નં. ૨૭૦૭૬/૨૦૨૨ તા. ૦૩/૦૯/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ બાનાખત સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ–૩ (ત્રણ)** માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૩/૧૦/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

ઉદયન ત્રિવેદી
એડવોકેટ


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૫ | ૧૫૨૫ |
| ૨ | મગફળી | ૧૦૭૬ | ૧૨૬૫ |
| ૩ | ઘઉં | ૪૯૦ | ૫૬૧ |
| ૪ | ચણા | ૧૧૪૧ | ૧૧૭૫ |
| ૫ | દેશી ચણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૬ | ધાણા | ૧૨૬૫ | ૧૩૦૦ |
| ૭ | સોયાબીન | ૮૬૯ | ૯૫૦ |
| ૮ | અડદ | ૧૬૮૦ | ૧૮૦૦ |
| ૯ | તુવેર | ૧૫૧૦ | ૧૫૧૦ |
| ૧૦ | બાજરો | ૩૨૫ | ૩૨૫ |
| ૧૧ | સફેદ તલ | ૩૦૯૦ | ૩૦૯૦ |

### પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાની ઉપસ્થિતિમાં

# બાબરાનાં થોરખાણ ખાતેથી લોકસભાની ચુંટણીનો કોંગ્રેસનો નગારે ઘા

**ભાજપનાં વર્ષોનાં શાસનનાં કારણે ગુજરાત તમામ ક્ષેત્રે કંગાળ બનવાની હાલતમાં પહોંચી ગયું : વિરજી ઠુંમર**

**મણીપુરમાં મહિલા સાથે અમાનવિય વર્તન થાય છતાં પણ ભાજપ સરકાર નક્કર કાર્યવાહી કરતી નથી : ગાયત્રીબા**

**ભાજપનાં રાજમાં બનાવટી અધિકારી, બનાવટી કચેરી અને બનાવટી શાળાઓ પણ ધમધમતી થઈ ગઈ છે**

**મોંઘવારી, બેરોજગારી, ગરીબી અને ભ્રષ્ટાચારે તમામ હદ વટાવી હોવાનો આક્ષેપ**










બાબરા, તા.૩

બાબરા તાલુકાના થોરખાણ ગામે કોંગ્રેસ પક્ષની એક મહત્વની બેઠક પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગાયત્રી બા વાઘેલાના પ્રમુખ સ્થાને વિશાળસંખ્યામાં મળી હતી. આ બેઠકને સંબોધતા તેઓએ જણાવ્યું હતું મણીપુરની એક મીલેટરીના જવાનની પત્ની સાથે જે બાબત બની છે. તેના કારણે દેશમાં મહિલાઓ તરફથી આ દેશના શાસક પક્ષ પ્રત્યે નફરત પેદા થઈ છે ગુજરાતની મહિલાઓનું પણ માથું શરમથી જુકી ગયું છે. એક મહિલા રાક્ષસોથી પોતાનું શીયળ બચાવી ન શકે તે દેશમાં શાસક પક્ષને રાજ કરવાનો અધિકાર હવે રહ્યો નથી. તાત્કાલિક અસરથી વડાપ્રધાનએ દેશની મહિલાઓની માફી માગવી જોઈએ.

ગુજરાતના મહાન યોદ્ધાઓ ગાંધી અને સરદાર પટેલના સિદ્ધાંતો ઉપર આ ચાલતો દેશ છે સરદારની વાતો કરવી અને વર્તન કંઈક જુદું કરવું એ જરા પણ ગુજરાતની પ્રજા ચલાવી ન શકે આ તકે પૂર્વ સાંસદ ધારાસભ્ય વિરજીભાઈ ઠુમરે જણાવ્યું હતું કે ગુજરાત બરબાદ થઈ ચૂકયું છે બધું જ નકલી છે અધિકારીથી માંડી અંબાજીનો પ્રસાદ પણ નકલી છે પરંતુ મોદી કહે છે મારી ગેરંટી તો નકલીમાં પણ એમની જ ગેરંટી ગણી શકાયને અમરેલીના સાંસદ રોજ ખોટી નીતિઓમાં ચર્ચામાં રહે છે ચાર વર્ષથી રસ્તો બન્યો નથી તે ચૂંટણી ઉપર એન્ટ્રી પાડવાના અને મોબાઈલ ઉપર ધમકી મારી પોતાના વ્યક્તિગત કુટુંબીજનોના કામમાં જ વ્યસ્ત છે જે જગ્યાએથી વીડિયો વાયરલ થયો છે એ રસ્તો ચાર વર્ષ પહેલાનો મંજુર છે તો અત્યાર સુધી સાંસદ કયાં હતા હવે કેવા પ્રકારની એન્ટ્રી પાડી રહ્યા છે અમરેલીનું નામ ગુજરાતમાં ભુસાઈ ગયું છે કોંગ્રેસના પાંચ ધારાસભ્ય હતા એક ધારાસભ્ય ભાજપમાં જતા રહ્યા વિધાનસભામાં એક પણ દિવસ એવો નહોતો ગયો કે લોકોના પ્રશ્નો માટે વિરજી ઠુંમર, પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત હોય કે અમરીશ ડેર હોય બોલ્યા વગરના રહ્યા હોય અને પ્રશ્નો ઉઠાવ્યા વગરના રહ્યા હોય. એક વર્ષથી અમરેલી જીલ્લો વામણો બન્યો છે અમે મંજૂર કરાવેલા કામો પણ પાંચ વર્ષમાં પૂર્ણ કરાવી શકશે તો પણ જિલ્લાને ઘણું મળી જશે પરંતુ આ ધારાસભ્યોમાં કોઈ કામ કરાવવાની ત્રેવડ નથી લોકોની લાગણી ભડકાવીને બીજા પક્ષના સહારે જીતીને રોજ ફોટા પાડે છે ખાત મુહર્ત કરે છે પરંતુ એ કામ કોને મંજૂર કર્યા છે તેમાં પણ લોકોએ વિચારવાની જરૂરિયાત ઊભી થઈ છે ભારતીય જનતા પાર્ટી ભ્રષ્ટ પાર્ટી છે. નકલી પાર્ટી છે. ધર્મના નામે ડર બતાવે છે બાઘડાના નામે ડરાવે છે પરંતુ કોઈ બાઘડો નથી તે વાત લોકોએ સમજવાની જરૂર ઉભી થઈ છે ખેડૂત બરબાદ થતો જાય છે નાનો વર્ગ બરબાદ થઈ ગયો છે,ગરીબ માણસ બેહાલ બન્યો છે મહિલાઓની સલામતી નથી, પોલીસ ડિપાર્ટમેન્ટ હપ્તામાંથી નવરૂ નથી, તમામ ઓફિસોમાં ભ્રષ્ટાચાર વધ્યો છે, તેનો ભોગ ગુજરાતની જનતા બની છે, સામાન્ય વર્ગના લોકોને ભોગવવું પડે છે, ઉદ્યોગપતિઓના ૨૫ લાખ કરોડ રૂપિયા બેંકના માફ થાય, તો ગરીબ અને ખેડૂતનો શું વાંક છે, પેટ્રોલ, ડીઝલ, ખાતર, જંતુનાશક દવા, બિયારણના ભાવ આસમાને પહોંચ્યા છે અને ખેડૂતનો કપાસ ૧૪૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યો છે ત્યારે ખેડૂતો પણ પોતાની આંખ ઉઘાડે તેવી હાકલ કરી વિરજીભાઈએ આ વખતે ફરી વખત લોકોની સરકાર બને તે માટે કોંગ્રેસને ચૂંટવા માટે બાબરા તાલુકો પહેલ કરે અને ભુલેલા મતદારો ફરી વખત કોંગ્રેસ તરફ આવે તેવી લાગણી વ્યકત કરી હતી, તેમજ સરદારના નામે વાહિયાત વાતો કરી રહેલા ભાજપને ઓળખવાની જરૂરિયાત ઊભી થઈ છે સરદારજી સરદાર સરદાર હતા જેમણે આ દેશના ૫૩૮ રજવાડા કર્યા હતા તેવા કદાવર કાળજુ ધરાવતા નેતાને કોઈ અન્યાય કરી શકે ખરા કોંગ્રેસનું નેતૃત્વ તેમના ખભા ઉપર ચાલતું હતું તે કહે તે નિર્ણય આખો દેશ કરતો હતો.

ગાંધી અને જવાહરલાલ નેહરૂ પણ તેમને પૂછયા વગર કશું કરતા ન હતા તેમને અન્યાયની વાતો કરીને સરદાર પટેલ સ્ટેડિયમને મોદી નામ સાથે જોડવાનું પાપ ભાજપે કર્યુ છે આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલિયા, જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ મીનાબેન સોંડાગર, રફિકભાઈ મોગલ, કે.કે. વાળા, નરેશભાઈ અધ્યારૂ, જિલ્લા કોંગ્રેસ મહા મંત્રી જનકભાઈ પંડયા, જગદીશ પાનસુરીયા, જગદીશ તળાવિયા, બીપીન વસાણી, દિલીપ સનુરા, તાલુકા પંચાયત નેતા યુવા કોંગ્રેસ રાજુ કનાળા, મુકેશભાઈ ભાલીયા, ભુપત વાવડીયા, નવાણિયા સરપંચ ભરત ડાંગર, કાંતિ બરનાળીયા, વિજય ઝપડિયા, સોમાભાઈ સોધાલિય, દલિત અગ્રણી ભીખાભાઈ, હરેશભાઈ ભરવાડ, સહિતની હાજરીમાં સમગ્ર કાર્યક્રમનુ આયોજન વિવેક મનસુખભાઈ સાકરીયા સરપંચ થોરખાણ દ્વારા કરાયુ હતું. સમગ્ર કાર્યક્રમ તાલુકા કોંગ્રેસ પ્રમુખ જસમત ભાઈ ચોવટિયા અને ચિત રંજનભાઈ છાંટબારએ જહેમત ઉઠાવી હતી.

---

### સૌની યોજનાનો લાભ લેવો જરૂરી

# ધારીનાં ખોડિયાર જળાશયને ભરવામાં આવે તો ખેડૂતોને ફાયદો

**તાલુકા કોંગી પ્રમુખ ભંડેરીએ કરી માંગ**



ધારી, તા.૩

ચાલુ વર્ષે સારો વરસાદ થતાં ધારી ખોડીયાર ડેમ ઓવરફલો થયેલ હતો.

જેને લીધે લાંબા સમયગાળા સુધી શેત્રુંજી નદી ચાલી હતી અને ખેડૂતોને પિયત માટે બે – બે વખત કેનાલ દ્વારા પાણી આપવામાં આવે લું હતું અને હાલમાં પણ ખોડીયાર ડેમની આ કેનાલમાં પાણી શરૂ છે.

કેનાલ દ્વા રા મળતા પાણીથી મોટા ભાગના ગામડાઓના ખેડૂતોને ખૂબ જ લાભ થાય છે, ખાસ કરીને ખારા પાટ વિસ્તારના ગામડાઓના ખેડૂતોને કેનાલના મીઠા પાણીથી પિયત કરવાથી પાક ઉત્પાદન લેવામાં ખૂબ જ મદદરૂપ થાય છે, સતત નદીમાં પાણી છોડવાથી અને બે–બે વખત કેનાલ દ્વારા પા ણી આપવાથી હાલમાં ખોડીયાર ડેમની જળ સપાટી નીચે જતી રહી છે. પરિણામે આખો શિયાળો તથા ઉનાળો બાકી હોય જેથી કરીને પીવાના પાણી માટે તથા ખેડૂતોને પિયત માટે જળસંકટ ઉભુંના થાય તેના માટે સૌની યોજના અંતર્ગત ધારીનો ખોડીયાર ડેમ ભરવામાં આવે તેવીમાં ગણી અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ કરી છે.

---

### જિલ્લા ચેમ્બરનાં મહામંત્રીને વધુ એક જવાબદારી

# સાવરકુંડલાઃ વેપારી મંડળના પ્રમુખ તરીકે રાજુભાઈ શીંગાળા

**લોહાણા મહાજનના ટ્રસ્ટી તરીકે પણ નિમણુંક થઇ**



મહામંત્રી રાજુભાઈ શીંગાળાની સાવરકુંડલા લોહાણા મહાજન ટ્રસ્ટી તરીકે બહુમતીથી ચૂંટાયાઈને લોહાણા મહાજન ટ્રસ્ટી તરીકે

સાવરકુંડલા, તા.૩

સાવકુંડલાના રઘુવંશી અગ્રણી અને અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી રાજુભાઈ શીંગાળાની સાવરકુંડલા લોહાણા મહાજન ટ્રસ્ટી તરીકે બહુમતીથી ચૂંટાઈને નિમણુંક થતા તેમજ સાવરકુંડલા વેપારી મહામંડળના કાર્યકારી પ્રમુખ તરીકે વરણી થતા શહેર અને જિલ્લાભરમાંથી મિત્રો શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા થઈ.

સાવરકુંડલા શહેરના રઘુવંશી અગ્રણી અને અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના નિમણુંક થતાં તેમજ સાવરકુંડલા વેપારી મહામંડળના કાર્યકારી પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી તે બદલ સાવરકુંડલા તેમજ સમગ્ર અમરેલી જિલ્લાના રાજકીય, સામજિક અગ્રણીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

રાજુભાઈ શીંગાળા પોતે વેપારી આલમમાં ખાસ્સી લોકપ્રિયતા ધરાવતા હોય તેમનાં શુભેચ્છોનું પણ વિશાળ ગ્રૂપ છે. તેમની આ નિમણુંક બદલ ઠેરઠેરથી અભિનંદન સાથે શુભેચ્છાઓનો ધોધ વહી રહયોં છે.

---

### તેજસ્વી તપસ્વી બાપુનાં સાનિધ્યમાં ભકતોનો જમાવડો

# બે વર્ષથી અન્નનો દાણો ખાધા વગર અખંડ તપસ્યા કરતા હનુમાન મંદિરનાં મહંત

**આશીર્વાદ લેવા લોકોની કતારો લાગી**



અમરેલી, તા.૩

અમરેલીના કુકાવાવ તાલુકાના મેઘા પીપળીયા ગામે રહેતા એક એવા સંત કે જેમણે બે વર્ષથી એક પણ અન્નનો દાણો લીધા વગર પોતાની તપસ્યાથી ગામ લોકોને આશીર્વાદ આપે છે અને ગામના હનુમાનજી મંદિરે ગામના પાદરમાં આટલી ઠંડીની સિઝનમાં પણ સાદો જીવન જીવી ખાધા વગર પોતાના તપ ગામ લોકોને આશીર્વાદ આપે છે અને જે પણ લોકો બાપુને પૈસા રૂપે દક્ષિણા આપે છે તે બાપુ કુતરાઓને બિસ્કીટ અને ગાયોને રોટલા ખવડાવી ખવડાવી દેશે તેમજ બાપુ બાળકોને પણ ચોકલેટ અને બિસ્કીટની પ્રસાદી આપે છે આવા એક એવા મહાન સંતના પાવન પગલાથી ગામ ધન્યતા અનુભવે છે અને બાપુના તપોબળ ગામમાં બીજા કામ કરતા કોરોનામાં મૃત્યુ આંક ઓછો હતો ત્યારબાદ બાપુ વાંસળી પણ વગાડે છે અને વાંસળી વગાડતા જ ગાયો બાપુ પાસે દોડી આવે છે આવા કોઈ મહાન સંતની ઓળખ કરવી ખૂબ અઘરી હોય છે પરંતુ આ બાપુ સાદી જિંદગી જીવી અને પોતાના તપ છે ગામ લોકોને પાવન કર્યા છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

---

### સાસંદ, ધારાસભ્યની ઉપસ્થિતિમાં

# ખાંભા ખાતે પાટિદાર સમાજ દ્વારા સરદાર પટેલ જન્મજયંતિની ઉજવણી કરાઇ

**દરેક સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં**





અમરેલી,તા.૩

ખાંભા તાલુકા સમસ્ત પાટીદાર સમાજ આયોજિત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મ જંયતિની ઉજવણી '' સૌના સરદાર બેનર હેઠળ ઉજવાય હતી. જેમાં દરેક સમાજનાં પ્રમુખો તેમજ દરેક સમાજના આગેવાનો ખાંભા તાલુકાના પાટીદાર સમાજના આગેવાનો રાજકીય આગેવાનો તથા સંતો તેમજ પત્રકાર મિત્રો ઉપસ્થિત રહયાં હતા. કાર્યક્રમના અધ્યક્ષ ખાંભા સ્વામિનારાયણ ગુરૂકુળ ના ડોકટર દેવ વલ્લભ સ્વામી હતા. તેમજ મુખ્ય વકતા તરીકે ગુજરાત રાજય સ્વ.નિર્ભર શાળા સંચાલક મંડળ ના સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલે સરદાર વલ્લભભાઈના જીવન વિશે કહયું હતું કાર્યક્રમમાં અમરેલી જિલ્લાનાં સાંસદ નારણભાઈ કાછડીયા, ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયા, પૂર્વ ધારાસભ્ય નલીનભાઈ કોટડીયા,અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ખોડલ ધામના ટ્રસ્ટી રમેશભાઈ કાથરોટીયા, સરદાર ધામ કન્વીનર રાજુભાઈ માંગરોળીયા, ઉપસ્થિત રહયાં હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ખોડલધામ સમિતિ ખાંભા – સરદારધામ સમિતિ ખાંભા તેમજ સરદાર પટેલ કર્મચારી મંડળ ખાંભાના નવયુવાન મિત્રોએ કામગીરી કરેલ હતી.

---

# વામન સ્વરૂપે વિરાટ બની માંગ્યા ડગલા ત્રણ વિરાટ વૈભવે પાળ્યું વામનનું પ્રણ



અમરેલી,તા.૩

અમરેલીનો વિકાસ જેના અંતરમાં આળોટી રહ્યો છે તેવા મહાપુરૂષની વાત મુકવાની ઈચ્છા રોકી શકતો નથી. હા બરાબર વ્યવસાયિક રીતે વિશ્વનાં બજારમાં 'શિતલ આઈસ્ક્રીમ'ના પાવન બેનરથી વિરાટ સ્વરૂપે વ્યાપક બનેલા સર્વેદનશીલ, દાનેશ્વરી, ભારતીય સસ્કુંતિને ઉજાગર કરી અમરેલીને ભારતના નકશામાં વિકાસશીલ નગરી તરીકે ઉપસાવનાર ભુપતભાઈ ભુવાની ભવ્ય આલીશાન ઓફિસમાં પોતાના નાના મહેન્દ્રભાઈજોષી સાથે નાનકડો ૫ વર્ષનો લાડલો જિત ભુપતભાઈને મળ વાનાં વેન સાથે આવે છે. ચાલુ મિટિંગ છોડી આ વિરાટ વ્યકિત બાળકને મળી ભાવપૂર્વક વિગત જાણે છે. જિતની કાલી બોલીમાં કહે છે. સિનિયર સિટીઝન પાર્કના ચોકને ભવ્યતા બક્ષનાર ફુવારા બંધ છે. અમે ઘણા મિત્રો સાંજે ત્યાં ફરવા જઈએ છીએ તો ફુવારા ચાલુ કરાવી દોને, વાહ આ વામન સ્વરૂપે રજુઆત સાંભળી પોતાના કર્મચારી દ્વારા સ્વાદિષ્ટ કેન્ડી અપાવી. હરખથી માશે હાથ ફેરવી બે દિવસમાં ફુવારા ચાલુ થઈ જશે ના વચનથી જિતકુમારને ખુશ કરી દીધો. સીનીયર સીટીઝન ચોકમાં રંગબેરંગી ચોકના રંગબેરંગી ફુવારાની ભવ્યાતિભવ્ય રોનક દિવાળી પહેલા ફેલાઈ રહી છે.નાનકડા બાળકની માંગણી મુજબ અમરેલીની સુંદરતા વધારનાર રાષ્ટ્રપ્રેમી દાતાને વદંન..

## શાળાઓ, ધાર્મિક સ્થાનો, હોસ્પિટલ નજીક મનાઈ હોય જાગૃત્ત રહો

# ફટાકડાનાં સ્ટોલ માટેનાં જાહેરનામાની અમલવારી જરૂરી બની

સાવરકુંડલા શહેરમાં શૈક્ષણિક સંસ્થાનાં પટાંગણમાં ફટાકડાનાં સ્ટોલ ઉભા થયા

પ્રાથમિક અને માધ્યમિક શાળામાં હજુ દિવાળીની રજા પડી ન હોય ફટાકડાનાં સ્ટોલ શરૂ થઈ ગયા

જાહેરનામાનો અનેક સ્થળોએ ખુલ્લેઆમ ભંગ થતો હોવાની ફરિયાદ ઉભી થઈ રહી છે

જનતા જનાર્દનનાં ભોગે થતી કોઈ પણ વ્યાપારિક કે અન્ય પ્રવૃત્તિઓને અટકાવવી તે તંત્રની જવાબદારી




અહેવાલ–તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૩

ફટાકડા બજારને જવાબદાર સત્તાવાળા દ્વારા લાઈસન્સ આપવામાં આવે છે. છેલ્લા ઘણા સમયથી આ ફટાકડા બજાર કોઈપણ શૈક્ષણિક સંસ્થાના ગ્રાઉન્ડમાં ટેમ્પરરી મંડપ કપડાના નાખીને બનાવવામાં આવે છે. હવે શૈક્ષણિક સંસ્થાના પોતાના જ મેદાનમાં જયારે આટલા મોટા પ્રમાણમાં એટલે કે ૩૦ થી ૪૦ જેટલા ફટાકડાના સ્ટોલ લગાવવામાં આવતા હોય ત્યારે જે તે શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા બાળકો ઉપર જાનનું જોખમ કેટલા પ્રમાણમાં વધી જાય એ શું સત્તાવાળાઓને જાણ નથી..!? કોઈપણ શૈક્ષણિક સંસ્થાની અંદર ફટાકડાનો આટલો જથ્થો એક ટાઈમ બોમ્બ સમાન ગણાય. વળી દરેક સ્ટોલવાળા એક મહિના સુધીનો સીઝન આખાનો ફટાકડાનો સ્ટોક એટલે કે સંગ્રહ એક સાથે કરી લેતા હોય છે. તો જે મેદાનમાં આટલા મોટા પ્રમાણમાં દારૂગોળો એક જ જગ્યાએ સંગ્રહાયેલ હોય તો ત્યાં અકસ્માતે કોઈ પણ કારણોસર આગ જેવી ગંભીર ઘટના બને તો કોણ જવાબદાર...?!! આપણી કમનસીબીએ છે કે જયારે જયારે કોઈ ગંભીર ઘટના બને અને સેંકડો નિર્દોષ

અનુસંધાન પાના ૬ ઉપર

## સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચાવનાર હાર્ટ એટેકની અસર હોવાનું અનુમાન

# અમરેલીનાં શાંતાબા ગજેરા વિદ્યાસંકુલમાં ધો. ૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની અચાનક ઢળી પડતા મૃત જાહેર

વિંછીયા ગામની સાક્ષી રોજાસરા નામની વિદ્યાર્થીનીનાં મોતથી અરેરાટી



અમરેલી, તા. ૩

અમરેલીની શાંતાબા ગજેરા વિદ્યાસંકુલની એક વિદ્યાર્થીની આજે સવારે અચાનક ઢળી પડતાં મોત નિપજતા ભારે સનસનાટી મચી જવા પામી છે. આ વિદ્યાર્થીનીનું મોત હાર્ટએટેકથી થયાનું અનુમાન છે સાચું કારણ પોસ્ટમોર્ટમ પછી જાણી શકશે.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલીમાં આવેલ સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા શાંતાબા ગજેરા વિદ્યાસંકુલની ધોરણ ૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સાક્ષી હરેશભાઈ રોજાસરા આજે સવારે સંસ્થામાં પરીક્ષા આપવા આવી હતી ત્યારે અચાનક ઢળી પડતાં તેમને તાત્કાલિક દવાખાને ખસેડવામાં આવી હતી. જયાં તેણીનું મોત નિપજતા ભારે સનસનાટી મચી જવા પામી છે. આ વિદ્યાર્થીનીનું મોત હાર્ટએટેકથી થયાનું અનુમાન છે સાચું કારણ પોસ્ટમોર્ટમ પછી જાણી શકશે.

ધોરણમાં ૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની મુળ રાજકોટના જસદણ તાલુકાના વિંછીયા ગામની સાક્ષી રોજાસરા નામની ધોરણ ૯ની વિદ્યાર્થીનીનુ હાર્ટએટેકથી મોત થયાનુ અનુમાન છે. મોતનું સાચુ કારણ પીએમ રિપોર્ટ બાદ આવશે.

## ૪ વ્યકિતનું ઝેરની અસરથી અને ૧ ને શોર્ટ લાગ્યો

# અમરેલી જિલ્લામાં અલગ–અલગ અપમૃત્યુનાં કિસ્સામાં પાંચના મોત

અમૂલ્ય માનવ જીંદગી અકાળે અસ્ત થતાં અરેરાટી

અમરેલી, તા. ૩

ચલાલા ગામે રહેતા રંજનબેન મહેન્દ્રભાઈ રાજયગુરૂ નામનાં ૬૨ વર્ષિય વૃધ્ધાને છેલ્લા ત્રણેક મહિનાથી બ્લડપ્રેસર તથા પેટમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## બેફામ ગતિનાં કારણે અકસ્માતની આશંકા

# સાવરકુંડલા–અમરેલી માર્ગ ઉપર રીક્ષા અને કાર વચ્ચે અકસ્માત

સદ્‌નસીબે જાનહાનીની ઘટના ટળી



સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલાથી ત્રણ કિલોમીટર અમરેલી તરફ સ્ટેટ હાઈ–વે ઉપર રીક્ષા અને ફોર વ્હીલનો ગમખ્વાર અકસ્માત થતા રીક્ષા ચાલકને સામાન્ય ઈજા થઈ હતી, ત્યારે ફોરવીલ ચાલકને ૧૦૮ માં સરકારી દવાખાને સારવાર માટે લાવવામાં આવ્યા હતા અમરેલી તરફથી મહુવા જતી ફોર વ્હીલ સાવરકુંડલાથી અમરેલી તરફ જતી રીક્ષા સાથે ટક્કર મારી અને ખાળીયામા ઉતરી ગઈ હતી. અકસ્માત જોતા પ્રથમ દ્રષ્ટિએ મોટી જાનહાની થઈ હોય એવું લાગે છે પરંતુ કોઈ જાનહાની થઈ નથી ત્યારે સાવરકુંડલા પોલીસે ઘટનાની તપાસ હાથ ધરી છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)